dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS



# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-08 | Issue-335 | AD-2025, Bhadarva Vad-03 | Wednesday, Dt.10-09-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### કે.પી.ઓલી રાજીનામું આપીને નેપાળ સેનાના હેલિકોપ્ટરમાં અજ્ઞાત જગ્યાએ પહોંચી ગયા

# નેપાળમાં વિરોધ પ્રદર્શનો અને હિંસા વચ્ચે, કેપી શર્મા ઓલીનું વડાપ્રધાન પદેથી રાજીનામું

કાઠમંડૂ,તા.૯

ભારતના પડોશી દેશ નેપાળમાં હિંસા અટકવાનું નામ લઈ રહી નથી. સોશિયલ મીડિયા પ્રતિબંધ અને ભ્રષ્ટાચાર સામે શરૂ થયેલો વિરોધ સોમવારે હિંસક બન્યો. પોલીસે યુવાનોના ટોળા પર ગોળીબાર કર્યો, જેમાં લગભગ ૨૧ લોકો માર્યા ગયા. તે જ સમયે, ૩૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. હવે નેપાળના વડા પ્રધાન કેપી શર્મા ઓલીએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. બે દિવસથી તોફાન, હિંસા, આગચંપી, સંસદ, વડાપ્રધાન નિવાસ, રાષ્ટ્રપતિ નિવાસ પર હુમલા વધતાં કે.પી. ઓલી રાજીનામું આપીને નેપાળ સેનાના હેલિકોપ્ટરમાં અજ્ઞાત જગ્યાએ પહોંચી ગયા છે. મળતી માહિતી મુજબ, નેપાળના વડા પ્રધાન કેપી શર્મા ઓલીએ પોતાના પદ પરથી રાજીનામું આપ્યા બાદ



દેશની કમાન નાયબ વડા પ્રધાનને સોંપી દીધી છે. જોકે, વિરોધ કરી રહેલા લોકોનું કહેવું છે કે દેશમાં વચગાળાની સરકાર બનાવવી જોઈએ. આ ઉપરાંત, સંસદ ભંગ કરીને નવેસરથી ચૂંટણીઓ યોજવાની પણ માંગ છે. સોમવારે વિરોધ કરી રહેલા યુવાનો પર ગોળીબાર બાદ વિરોધ વધુ તીવ્ર બન્યો. મંગળવારે વિરોધીઓએ દેશના મંત્રીઓ અને નેતાઓના ઘરો પર હુમલા વધુ તીવ્ર બનાવ્યા. નેપાળમાં યુવા વિરોધીઓનું ટોળું પીએમ ઓલીના ઘર તરફ આગળ વધ્યું. નેપાળી કોંગ્રેસ પ્રમુખ દેઉબાના ઘર પર હુમલો કરવામાં આવ્યો છે. ગૃહમંત્રીના ઘરને આગ લગાવવામાં આવી છે અને સંદેશાવ્યવહાર મંત્રીના ઘરને પણ આગ લગાવવામાં આવી છે. પ્રદર્શનકારીઓએ ભૂતપૂર્વ વડાપ્રધાન ઝાલાનાથ ખનાલના ઘરને આગ ચાંપી દીધી. તેમના પત્ની રાજ્યલક્ષ્મી ચિત્રકર ઘરમાં હતા. તેઓ ગંભીર રીતે દાઝી ગયા હતા. તેમને તાત્કાલિક કીર્તિપુર બર્ન હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમનું મૃત્યુ થયું હતું.

### નેપાળ સરકાર વિરોધીઓ સામે ઝૂકી, સોશિયલ મીડિયા પરનો પ્રતિબંધ હટાવાયો


નેપાળમાં સોશિયલ મીડિયા પર પ્રતિબંધ અંગે યુવાનોનો વિરોધ રવિવારે હિંસક બન્યો. પોલીસ ગોળીબારમાં એક ડઝનથી વધુ લોકો માર્યા ગયા છે. જોકે, આ છતાં, વિરોધીઓ પાછા હટવા તૈયાર ન હતા. પ્રદર્શનને વધુ તીવ્ર બનતું જોઈને, નેપાળ સરકારે યુવાનોની માંગણી સ્વીકારી છે. સરકારે સોશિયલ મીડિયા સાઇટ્સ પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય પાછો ખેંચી લીધો છે. આ સાથે, સરકારે યુવાનોને વિરોધ પાછો ખેંચવાની અપીલ કરી છે. નેપાળ સરકારે જાહેરાત કરી હતી કે તેણે સોશિયલ મીડિયા સાઇટ્સ પર પ્રતિબંધ મૂકવાનો પોતાનો અગાઉનો નિર્ણય પાછો ખેંચી લીધો છે. નેપાળના સંદેશાવ્યવહાર, માહિતી અને પ્રસારણ મંત્રી પૃથ્વી સુબ્બા ગુરુંગે માહિતી આપી છે કે સરકારે કટોકટી કેબિનેટ બેઠક બોલાવી છે. આ પછી, સોશિયલ મીડિયા સાઇટ્સ પર પ્રતિબંધ મૂકવાનો અગાઉનો નિર્ણય પાછો ખેંચી લેવામાં આવ્યો છે.






# સીપી રાધાકૃષ્ણન બન્યા દેશના ૧૫મા ઉપરાષ્ટ્રપતિ

નવી દિલ્હી, તા.૦૯



સીપી રાધાકૃષ્ણન દેશના ૧૫મા ઉપરાષ્ટ્રપતિ બન્યા છે. NDAના ઉમેદવાર રાધાકૃષ્ણનને ૪૫૨ પ્રથમ પસંદગીના મત મળ્યા. જ્યારે INDIAના ઉમેદવાર સુદર્શન રેડ્ડીને ૩૦૦ પ્રથમ પસંદગીના મત મળ્યા. રાધાકૃષ્ણન ૧૫૨ મતોના માર્જિનથી જીત્યા. કોંગ્રેસે દાવો કર્યો હતો કે ઈન્ડિયાના ૩૧૫ સાંસદોએ મતદાન કર્યું હતું, જેના કારણે INDIA ગઠબંધનના ઉમેદવારને ૧૫ મત ઓછા મળ્યા. BRS અને BJDએ ચૂંટણીમાં ભાગ લીધો ન હતો, જ્યારે રાજ્યસભામાં BRSના ૪ અને BJDના ૭ સાંસદ છે. લોકસભામાં માત્ર એક જ સાંસદ ધરાવતા શિરોમણી અકાલી દળે પણ પંજાબમાં પૂરને કારણે મતદાન કરવાનો ઈનકાર કર્યો હતો. ધનખરે અચાનક ૨૧ જુલાઈના રોજ નાદુરસ્ત તબિયતનો કારણ આપીને ઉપરાષ્ટ્રપતિ પદ પરથી રાજીનામું આપી દીધું. તેમનો કાર્યકાળ ૧૦ ઓગસ્ટ, ૨૦૨૭ સુધીનો હતો. ઉપરાષ્ટ્ર તરીકે ચૂંટાયા બાદ સીપી રાધાકૃષ્ણને વડાપ્રધાન સહિતના નેતાઓએ શુભેચ્છા પાઠવી હતી.











# હિમાચલ દેશનું ચોથુ સંપૂર્ણ સાક્ષર રાજ્ય બન્યું

શિમલા,તા.૯

હિમાચલ પ્રદેશને "સંપૂર્ણ સાક્ષર રાજ્ય" જાહેર કરવામાં આવ્યું હતું. હિમાચલ પહેલાં, ફક્ત ત્રણ અન્ય રાજ્યો ત્રિપુરા, મિઝોરમ અને ગોવા અને એક કેન્દ્રશાસિત પ્રદેશ લદાખને સંપૂર્ણ સાક્ષર રાજ્ય જાહેર કરવામાં આવ્યા છે. હિમાચલ પ્રદેશને "સંપૂર્ણ સાક્ષર રાજ્ય" જાહેર કરવામાં આવ્યું તે રાજ્યમાં શિક્ષણ ક્ષેત્રે એક ઐતિહાસિક સિદ્ધિ તરીકે વર્ણવવામાં આવી રહી છે. આ સિદ્ધિની જાહેરાત રાજ્યના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુ દ્વારા કરવામાં આવી હતી. આ સિદ્ધિની જાહેરાત કરતા મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ કહ્યું, "રાજ્યનો સાક્ષરતા દર ૯૯.૩૦ ટકા સુધી પહોંચી ગયો છે, જે રાષ્ટ્રીય ધોરણ ૯૫ ટકા કરતા ઘણો વધારે છે. લગભગ સાત ટકાના લઘુત્તમ સાક્ષરતા દરથી સંપૂર્ણ સાક્ષર રાજ્ય બનવા સુધીની સફર પડકારોથી ભરેલી હતી. તેમ છતાં, રાજ્ય ગુણવત્તાયુક્ત શિક્ષણ પૂરું પાડવાના ઉદ્દેશ્ય સાથે સતત આગળ વધ્યું છે. સીએમ સુખુએ વધુમાં કહ્યું કે હિમાચલ પ્રદેશ વિદ્યાર્થી-શિક્ષક ગુણોત્તરમાં પણ દેશમાં પ્રથમ ક્રમે છે. આ સિદ્ધિ કેન્દ્ર સરકારની 'ઉલ્લાસ' યોજના હેઠળ પ્રાપ્ત થઈ છે. આ યોજના હેઠળ, રાજ્યને "સંપૂર્ણ સાક્ષર" કહેવામાં આવે છે, જ્યારે ૧૫ વર્ષથી વધુ ઉંમરના ૯૫ ટકાથી વધુ લોકો વાંચી અને લખી શકે છે અને મૂળભૂત ગણતરીઓ કરી શકે છે.








સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
બુધવાર, તા.૧૦-૦૯-૨૦૨૫

# ધારી તાલુકાના ભરડ ગામ ખાતે આવેલ ડેમમાં ડૂબી જવાથી યુવકનું મોત



ધારી,તા.૦૯

ધારી તાલુકાના ભરડ ગામે આવેલા ભરડ ડેમ ખાતે એક અજાણી વ્યક્તિ ડૂબી જવાને લઈને ઘટનાસ્થળે તાત્કાલિક ટીમ મોકલાઈ હતી. ગઈકાલે બપોરના સમયે ઈમર્જન્સી ૧૧૨ નંબર પરથી અમરેલી ફાયર કંટ્રોલરૂમને જાણ મળ્યા બાદ અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમે ત્રણ કલાકની ભારે મહેનત બાદ મૃતકને બહાર કાઢી ધારી પોલીસને પોસ્ટમોર્ટમ માટે સોપ્યો હતો. આ કામગીરીમાં સાગરભાઈ પુરોહિત, ભુરીયા જગદીશભાઈ, ભગવતસિંહ ગોહિલ, સવજીભાઈ ડાભી, ધવલ ચાવડા અને મિલનભાઈ ગાંભવાએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. પ્રાથમિક તપાસમાં મૃતકની ઓળખ ભગીરથભાઈ અનકભાઈ વાળા (ઉંમર ૨૫, રહેવાસી ધારી) તરીકે થઈ હતી. ઘટનાથી ગ્રામ્ય વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

# સા.કુંડલામાં ખેડૂતોની જનતા રેડ: રેતી ચોરેલ ટ્રેક્ટર રંગેહાથ ઝડપ્યું



સાવરકુંડલા,તા.૦૯

સાવરકુંડલા શહેરના નેસડી રોડ પર નાળા નજીક ગેરકાયદે રેતી ચોરીની પ્રવૃત્તિ સામે ખેડૂતોનો આક્રોશ ફાટી નીકળ્યો હતો. આસપાસના વાડી વિસ્તારના ખેડૂતો એકત્ર થઈ જનતા રેડ કરીને રેતી ભરેલું ટ્રેક્ટર રંગેહાથ ઝડપી પાડી સાવરકુંડલા પોલીસને સોંપ્યું. લાંબા સમયથી આ વિસ્તારમાં રેતી ચોરીની અનેક રજૂઆતો થવા છતાં સત્તાવાળાઓ દ્વારા કોઈ સખત પગલા ન લેવાતા ખેડૂતોમાં રોષ વ્યાપ્યો હતો. સ્થાનિકોનું કહેવું છે કે આવી ગેરકાયદે ખનન પ્રવૃત્તિ નદીના પટને નુકસાન પહોંચાડે છે અને ખેતી પર નકારાત્મક અસર કરે છે. પોલીસે પકડાયેલા ટ્રેક્ટરની તપાસ શરૂ કરી છે તેમજ ખાણ-ખનીજ વિભાગને રિપોર્ટ કરવાની કામગીરી હાથ ધરી છે. આ બનાવે ફરી એકવાર ગેરકાયદે ખનન સામે કડક કાર્યવાહી કરવાની માંગને વેગ આપ્યો છે.

## ગ્રામજનોએ સરપંચ પતિ પર આક્ષેપો કર્યા

# જૂની હળિયાદની ગ્રામ પંચાયત દ્વારા થયેલ ભ્રષ્ટાચારની તપાસ માટે ગ્રામસભામાં ૧૧ ઠરાવ થયા



તસવીર : હાર્દિક બામટા

બગસરા,તા.૦૯

બગસરા તાલુકાના જૂની હળિયાદ ગામે બે વાર રદ્દ થયા બાદ આખરે ગ્રામસભા યોજવામાં આવી હતી. પોલીસ બંદોબસ્ત વચ્ચે યોજાયેલ આ ગ્રામ સભામાં સરપંચના પતિ પર ભ્રષ્ટાચારોના આક્ષેપ થયા હતા અને તેની તપાસ માટે જુદા જુદા ૧૧ ઠરાવ કરવામાં આવ્યા હતા. જૂની હળિયાદ ગામે છેલ્લા ઘણા સમયથી ગ્રામ પંચાયત દ્વારા ગ્રામસભાને ઠેલવવામાં આવતી હતી પરંતુ લોકમાગણીને કારણે અંતે ગ્રામસભા યોજાઈ હતી. ખૂબ જ મોટી સંખ્યામાં ગ્રામજનો અને પોલીસની ઉપસ્થિતિમાં યોજાયેલી આ ગ્રામ સભામાં લોકોએ સરપંચના પતિ રમેશભાઈ વસ્તાણી પર ગ્રામ પંચાયતમાં ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો કર્યા હતા. જેમાં પંચાયતનો ભંગાર વેચી તેના નાણાંની ઉચાપત કરવી, ગામમાં ન બનેલા રોડનો ખર્ચ ઉધારી પૈસા ચૂકવી દેવા, એટીવીટીના કામમાં પાંચ લાખની કિંમતના બનેલ પુલ બેસી જતા તેની એજન્સી વિરુદ્ધ તપાસ કરવી, વાસ્મો અંતર્ગત આવેલ માલમાંથી કમી થયેલ માલની તપાસ કરવી, વાસ્મો યોજના અંતર્ગત બનતા પાણીની ભૂગર્ભ ટાંકીની ગુણવત્તાની તપાસ કરવી, સહિતના ૧૧ મુદ્દાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. જેમાં મોટાભાગના મુદ્દામાં ભ્રષ્ટાચાર સાબિત થતો હોય પોલીસ તપાસની માગણી કરવા માટેના ઠરાવ કરવામાં આવ્યા હતા. વધુમાં પંચાયતના અનેક સભ્યો આ સભામાં અને ગ્રામ પંચાયતની મીટીંગોમાં પણ હાજર રહેતા ન હોય તેમના વિરુદ્ધ પણ કાર્યવાહી કરી સસ્પેન્ડ કરવા ઠરાવ કર્યા હતા.

# અમરેલી જિલ્લાના નેશનલ હાઈવે અને સ્ટેટ હાઈવેને તાત્કાલિક રીપેરીંગ અને રી-કાર્પેટ કરવા માગણી



અમરેલી,તા.૦૯

ગુજરાત ભાજપ કિસાન મોરચાનાં મહામંત્રી હિરેન હિરપરાએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને રજૂઆત કરી છે કે, અમરેલી જિલ્લામા આવેલા નેશનલ હાઈવે અને સ્ટેટ હાઈવે અતિ ખરાબ હાલતમાં છે. આ જિલ્લામાં બનતા નવા ડામર રોડ કે રી-કાર્પેટ રોડમાં કાયમી ગુણવતાનો અભાવ રહ્યો છે. અધિકારીઓ અને કોન્ટ્રાક્ટરો કાળી કમાણી કરીને પ્રજાને રોડ–રસ્તા બાબતે કાયમી પરેશાન કરે છે. વર્તમાન સમયમાં કેટલાક હાઈવે વાહન ચાલકો માટે પરેશાનીરૂપ છે. જેમાં રાજુલાથી સાવરકુંડલા સ્ટેટ હાઈવે, સાવરકુંડલાથી અમરેલી હાઈવે, સાવરકુંડલાથી નેસડી સુધી ચલાલા સ્ટેટ હાઈવે, અમરેલીથી બગસરા સ્ટેટ હાઈવે, ચલાલા થી બગસરા સ્ટેટ હાઈવે, અમરેલી થી બાબરા નેશનલ હાઈવે, બગસરાના માણેકવાડાથી બીલખા રોડ અમરેલીની હદ સુધી ઉપરના તમામ રોડ રીપેરીંગ અને નવા બનાવવા જોઈએ.

# કૃષિ રાહત પેકેજમાં બગસરાના બે ગામોની બાદબાકી: ખેડૂતોમાં રોષ



બગસરા,તા.૦૯

બગસરા તાલુકામાં ગયા વર્ષે થયેલા કમોસમી વરસાદને કારણે થયેલા પાકના નુકસાન માટે સરકારે જાહેર કરેલા કૃષિ રાહત પેકેજમાં તાલુકાના બે ગામો, ખીજડીયા અને સનાળીયાનો સમાવેશ ન થતા ખેડૂતોમાં ભારે અસંતોષ જોવા મળ્યો છે. આ બંને ગામના ખેડૂતોએ રોષે ભરાઈને બગસરા મામલતદારને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક સહાયની માંગ કરી છે.ખેડૂતો દ્વારા વારંવાર વળતર ચૂકવવાની માંગ કરવામાં આવ્યા બાદ સરકારે રાહત પેકેજની જાહેરાત કરી હતી, પરંતુ બગસરા તાલુકાના ૩૬ ગામોમાંથી માત્ર ૩૪ ગામોને જ તેનો લાભ મળ્યો છે. હકીકતમાં, ખીજડીયા અને સનાળીયા ગામના ખેડૂતોને પણ ભારે નુકસાન થયું હોવા છતાં, તેમને આ પેકેજમાંથી બાકાત રાખવામાં આવતા ખેડૂતોમાં નિરાશા વ્યાપી છે.આ બાબતે ખીજડીયાના ઉપસરપંચ ઉમેદભાઈ વાળાએ ધારાસભ્ય જે.વી. કાકડીયાને રજૂઆત પણ કરી હતી.

# બીચ વોલીબોલ સ્પર્ધામાં ગજેરા કેમ્પસના ખેલાડીઓએ કાંસ્ય પદક મેળવ્યો



અમરેલી,તા.૦૯

જિલ્લા કક્ષાની બીચ વોલીબોલ સ્પર્ધા SGFI ૨૦૨૫નું આયોજન ૫ સપ્ટેમ્બરના રોજ જાફરાબાદ મુકામે થયું હતું, જેમાં વિવિધ શાળાઓની પ્રતિસ્પર્ધી ટીમોએ ભાગ લીધો હતો. જેમાં અમરેલી જિલ્લામાંથી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભાના સ્કૂલના ખેલાડીઓએ ઉત્તમ પ્રદર્શન સાથે કાંસ્ય પદક પ્રાપ્ત કર્યો હતો. જેમાં ૧) પટેલ પ્રતીક વિમલભાઈ ધોરણ-૧૦, ૨) પટેલ દક્ષ સંદીપભાઈ ધોરણ-૧૦,૩) મણિયા યુગ જગદીશભાઈ ધોરણ-૧૨, ૪)પટેલ કુંજ સંદીપભાઈ ધોરણ-૧૨ કાંસ્યપદક મેળવી સિધ્ધી પ્રાપ્ત કરી શાળા અને અમરેલી જિલ્લાનું નામ રોશન કરેલ છે.

આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓ તેમજ કોચ પુલકીતા નિમ્બાવાલ અને ટ્રેનર સાવનભાઈ દેસાઈને અભિનંદન પાઠવ્યા હતા.


# લીલિયામાં ખુલ્લી ગટરની કુંડી જીવલેણ બની: તંત્રની બેદરકારી સામે લોકોમાં આક્રોશ



લીલીયા,તા.૦૯

લીલિયા શહેરના બગીચા, શ્યામવાડી અને પુંજાપાદર રોડ પર આવેલી ભૂગર્ભ ગટરનું લોખંડનું ઢાંકણું તૂટી જતાં તે જીવલેણ બની છે. છેલ્લા ૧૫ દિવસથી આ ઢાંકણું તૂટી ગયું હોવા છતાં તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી, જેના કારણે સ્થાનિકો અને વાહનચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.આ મુખ્ય માર્ગ પરથી એસ.ટી. બસો, રેતી ભરેલા ટ્રકો, ટ્રેક્ટરો અને હજારો ટુ-વ્હીલર સહિતના વાહનો પસાર થાય છે. ગટરની કુંડી લગભગ ૧૦૦ ફૂટ જેટલી ઊંડી હોવાથી ગંભીર અકસ્માતનો ભય રહેલો છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ રસ્તો નેતાઓ અને પદાધિકારીઓનો મુખ્ય માર્ગ હોવા છતાં કોઈની નજરમાં આ સમસ્યા આવતી નથી. અનેક વખત ન્યૂઝ પેપર અને મૌખિક રજૂઆતો કરવા છતાં તંત્રના કાન ઉઘડતા નથી. લોકોએ તાત્કાલિક ધોરણે આ કુંડીનું સમારકામ કરીને મોટા અકસ્માતને અટકાવવા માટે મરામત કરવાની લોકમાગણી કરી છે.

# સાવરકુંડલાના ઘોબા ગામે અજગરે શિયાળનો શિકાર કર્યો



સાવરકુંડલા, તા.૦૯

સાવરકુંડલા તાલુકાના ઘોબા ગામે દિલુભાઈ ખુમાણની વાડીમાં આજે વહેલી સવારે ચોંકાવનારી ઘટના બની હતી, જ્યાં ઈન્ડિયન પાઈથન (અજગર) એ જંગલી પ્રાણી શિયાળનો શિકાર કર્યો. આ દ્રશ્ય જોવા માટે ગ્રામજનો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા. ઘટના અંગે વન વિભાગને જાણ કરવામાં આવી છે અને વિભાગે તપાસ શરૂ કરી છે.

# ડી.એચ. કાબરિયા આર્ટસ મહિલા કોલેજનું બી.એ. (અંગ્રેજી) સેમ-૧ માં ૯૦% પરિણામ



અમરેલી,તા.૦૯

અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત દ્વારા સંચાલિત ડી.એચ. કાબરિયા આર્ટસ મહિલા કોલેજે શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ના બી.એ. (અંગ્રેજી) સેમેસ્ટર-૧ની યુનિવર્સિટી પરીક્ષામાં શાનદાર પરિણામ મેળવ્યું છે. કોલેજે કુલ ૯૦% પરિણામ સાથે ૧૦૦% ડિસ્ટિંક્શન મેળવીને ઉત્કૃષ્ટ શૈક્ષણિક સિદ્ધિ હાંસલ કરી છે.આ પરિણામમાં, ત્રણ વિદ્યાર્થીનીઓએ ટોચના સ્થાન પ્રાપ્ત કર્યા છે, જેમાં માણિયા સિદ્ધિ ટી. એ કોલેજમાં ૮૬.૩૬% સાથે પ્રથમ સ્થાન મેળવ્યું છે. સરવૈયા હેતસ્વી એસ.એ ૮૪.૭૩% સાથે દ્વિતીય સ્થાન મેળવ્યું છે અને વઘાસીયા જાન્વી કે.એ ૮૪.૧૮% સાથે તૃતીય સ્થાન મેળવ્યું છે.









**મોટાભાગના ગામોને અતિવૃષ્ટિ સહાયમાંથી બાકાત રખાતા રોષ : વન્ય પ્રાણીઓના મૃત્યુ બદલ ખેડૂતોને હેરાનગતિ સામે પણ વિરોધ દર્શાવાયો**

# સાવરકુંડલાના ખેડૂતોનો ઉગ્ર વિરોધ: રાહત પેકેજમાં અન્યાય અને વન વિભાગના નિયમો સામે આવેદનપત્ર

સાવરકુંડલા, તા.૦૯

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ખેડૂતોએ ઓક્ટોબર ૨૦૨૪માં થયેલા ભારે વરસાદના સરકારી રાહત પેકેજમાં જોવા મળતી વિસંગતતાઓ અને વન વિભાગના અન્યાયી નિયમો વિરુદ્ધ ઉગ્ર વિરોધ પ્રદર્શિત કર્યો છે. મોટી સંખ્યામાં



ખેડૂતોએ સાવરકુંડલા પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવીને તેમની તાત્કાલિક માંગણીઓ રજૂ કરી છે.

## વન વિભાગના નિયમો સામે વિરોધ

ખેડૂતોએ આવેદનપત્રમાં વન વિભાગના પરિપત્ર સામે પણ આક્રોશ વ્યક્ત કર્યો છે. આ પરિપત્ર મુજબ, જો કોઈ ખેડૂતના ખેતરમાં વન્ય પ્રાણી (જેમ કે સિંહ કે દીપડા) મૃત્યુ પામે તો ખેડૂતોને હેરાન કરવામાં આવે છે અને તેમની પાસેથી દંડ વસૂલવાના નિયમો છે. ખેડૂતોએ આ નિયમનો સખત વિરોધ કરતા માંગ કરી છે કે વન વિભાગ તેમના વન્ય પ્રાણીઓને તેમના જંગલમાં પાછા લઈ જાય અને ખેડૂતોને આ પ્રકારની હેરાનગતિમાંથી મુક્તિ આપે.તાલુકા કોંગ્રેસના પ્રમુખે જણાવ્યું કે, "સરકારની આ વિસંગતતા ખેડૂતોના અધિકારોનું હનન છે. અમે તમામ ખેડૂતોને ન્યાય મળે તે માટે સંઘર્ષ કરીશું." ખેડૂતોએ જો તેમની માંગો પૂરી નહીં થાય તો વધુ તીવ્ર આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે.

## રાહત પેકેજમાં વિસંગતતા અને ખેડૂતોમાં રોષ

ઓક્ટોબર ૨૦૨૪માં થયેલા કમોસમી વરસાદને કારણે કપાસ સહિતના પાકોને વ્યાપક નુકસાન થયું હતું. જોકે, સરકારે જાહેર કરેલી સહાયમાં સાવરકુંડલા અને લીલીયા વિધાનસભા વિસ્તારના ૧૧૬ ગામોમાંથી માત્ર ૫૦ ગામોને જ સહાય મળવાપાત્ર ગણવામાં આવ્યા છે, જ્યારે ૬૬ ગામોને બાકાત રખાયા છે. આ અન્યાયને કારણે ખેડૂતોમાં તીવ્ર અસંતોષ છે. આવેદનપત્રમાં માંગ કરવામાં આવી છે કે બાકી રહેલા તમામ ૬૬ ગામોના ખેડૂતોને પણ તાત્કાલિક સહાય ચૂકવવામાં આવે અને સર્વેમાં થયેલી ભૂલો સુધારીને ન્યાયી વિતરણ કરવામાં આવે. વિરોધ દરમિયાન ખેડૂતોએ મામલતદાર કચેરીએ સરકાર વિરોધી સૂત્રોચ્ચાર પણ કર્યા હતા.

# જીએસટી ઘટાડા બદલ પ્રધાનમંત્રી મોદીને અભિનંદન પાઠવતા જીલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી


અમરેલી,તા.૦૯



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે દેશની જનતાને મોટી રાહત આપતો એક ઐતિહાસિક નિર્ણય લીધો છે. નાણામંત્રી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં મળેલી જીએસટી કાઉન્સિલની બેઠકમાં ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) માંથી ૧૨% થી ૨૮%ના સ્લેબને સંપૂર્ણપણે નાબૂદ કરવામાં આવ્યો છે. હવેથી ફક્ત ૫% થી ૧૮%ના દર જ લાગુ રહેશે, જે આવતી ૨૨મી સપ્ટેમ્બરથી અમલમાં આવશે.કેન્દ્ર સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયને વધાવતા અમરેલી જિલ્લા ભાજપના પ્રમુખ અતુલભાઈ કાનાણીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નાણામંત્રી નિર્મલા સીતારમણને અભિનંદન પાઠવ્યા હતા.આ નિર્ણયથી ઉદ્યોગ જગત, વેપાર ક્ષેત્ર, નાના કારખાનેદારો અને સર્વિસ સેક્ટર સહિત સામાન્ય જનતાને મોટો ફાયદો થશે. શિક્ષણ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે પેન્સિલ, રબર, શાર્પનર, નોટબુક અને અભ્યાસના અન્ય સાધનો પરથી જીએસટી હટાવી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત,પર્સનલ હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સ પ્રીમિયમ પરનો જીએસટી પણ રદ કરવામાં આવ્યો છે.ખેડૂતોને રાહત આપવા માટે ટ્રેક્ટર અને ખેતીના અન્ય સાધનો પરના ટેક્સમાં પણ ઘટાડો કરવામાં આવ્યો છે.વળી,રોજબરોજની ઘરવપરાશની ચીજવસ્તુઓ, ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ, મોબાઈલ,ઓટોમોબાઈલ, સાયકલ, મોટરસાયકલ અને કાર જેવી વસ્તુઓના ભાવમાં પણ ઘટાડો થશે. અતુલ કાનાણીએ જણાવ્યું કે આ નિર્ણયથી દિવાળી પહેલાં જ બજારમાં ઉત્સાહનો માહોલ જોવા મળશે.

# સાવરકુંડલામાં સદભાવના ગૃપ દ્વારા ૧૮ વર્ષથી ગણેશ મહોત્સવ ઉજવણી

સાવરકુંડલા, તા.૦૯



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલામાં પ. પૂ. ઉષામૈયાના આશીર્વાદથી કાર્યરત સદભાવના ગ્રુપ છેલ્લા ૨૨ વર્ષથી સેવાકીય પ્રવૃતિ કરી રહ્યું છે. છેલ્લા ૧૮ વર્ષથી સદભાવના ગ્રુપ ગણેશ મહોત્સવ નું આયોજન કરે છે. ગઈ રાત્રે પ. પૂ. ઉષા મૈયાના તથા સંતોના સાનિધ્યમાં ચાલુ વરસાદે હજારો લોકો દ્વારા દાદાની મહાઆરતી ઉતારવામાં આવી હતી.અહી દર્શનાર્થીઓ દ્વારા ઘરેથી આરતીની થાળી તૈયાર કરી લાવનારને કુપન આપવામાં આવેલ અને આ કુપનનો પરમ પૂજ્ય ઉષામૈયાના હસ્તે લકકી ડ્રો કરવામાં આવ્યો હતો,આ લક્કી ડ્રોના ભાગ્યશાળી વિજેતા નંબર ૫૩૨ ભરખડા હીનાબેન રવિભાઈ ને ૫, પૂ ઉષા મૈયાના હસ્તે સોનાનો સિક્કો અર્પણ કરાયો હતો. તેમજ ૨૧૦૦ કિલો લાડુની પ્રસાદીનું વિતરણ કરાયું હતું. મહાઆરતીમાં કરસનદાસ બાપુ (કુંડલપુર હનુમાનજી મંદિર),ઘનશ્યામદાસબાપુ રામાનુજ, ઉદિતપ્રકાશ સ્વામી, નારાયણ સ્વરૂપ દાસજી સ્વામી, હરિસ્વરૂપદાસજીસ્વામી, ડી.એસ.પી સંજય ખરાત, એ એસ પી ગઢવી, પી.આઈ. અગ્રાવત મેડમ તેમજ દાતાઓ હાજર રહ્યા હતા. શહેરના મુખ્ય માર્ગો પર દાદાની શાહી સવારી લાઈવ નાસિક ઢોલના સથવારે દિલ્હીની અઘોરીની ટીમ સાથે વિસર્જન શોભાયાત્રા નીકળી હતી.

**તમારાથી થાય નહીં તો આટલી રકમ લેતા ના હોય તો કહી**

# બગસરાના જુની હળિયાદ ગામના પુરુષને વ્યાજે રૂપિયા લેવા બદલ ધમકી આપી

બગસરા, તા.૦૯

બગસરાના જુની હળિયાદ ગામે એક યુવકને વ્યાજે રૂપિયા લેવાનું ભારે પડ્યું હતું. વ્યાજખોરો તેની રીક્ષા ઉઠાવી ગયા હતા. જેને લઈ તેને લાગી આવતાં બ્લેડ વડે ગળાના ભાગે કાપા મારી ઈજા પહોંચાડી હતી. બનાવ અંગે કાંતિભાઈ અરજણભાઈ દાફડાએ રૂસ્તમ મોગલ, સાજીદભાઈ ઈકબાલભાઈ અગવાન સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, કાંતિભાઈ દાફડાએ આજથી છ વર્ષ પહેલાં આ બંને આરોપીઓ પાસેથી ૧૦% વ્યાજે રૂ. ૧ લાખ લીધા હતા. શરૂઆતમાં તેઓ નિયમિત વ્યાજ ચૂકવતા હતા, પરંતુ છેલ્લા કેટલાક સમયથી આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી તેઓ વ્યાજ ચૂકવી શક્યા નહોતા.આ બાબતથી ગુસ્સે થઈને આરોપીઓએ કાંતિભાઈને ફોન કરીને તેમના ઘર પાસે બોલાવ્યા હતા. જ્યારે કાંતિભાઈ ત્યાં પહોંચ્યા ત્યારે આરોપીઓએ વ્યાજ અને મુદ્દલ બંનેની માંગણી કરી હતી. કાંતિભાઈએ હાલ પૈસાની સગવડ ન હોવાનું જણાવતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા.આરોપીઓએ કાંતિભાઈને ગાળો આપીને તમારાથી થાય નહીં તો આટલી રકમ લેતા ના હોય એમ કહીને ઢીકા-પાટુનો માર માર્યો હતો. આટલેથી ન અટકતાં, આરોપીઓએ તેમની સીએનજી રિક્ષા (GJ-14-Y-4822) પણ જબરદસ્તીથી લઈ લીધી અને કહ્યું કે પૈસા આપીને રિક્ષા પાછી લઈ જજે. આ ઘટનાથી દુઃખી અને અપમાનિત થઈને કાંતિભાઈને લાગી આવતા બ્લેડ વડે પોતાના ગળા પર ઘા મારી દીધા. તેમને ઈજા થતાં તાત્કાલિક અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા.

# જિલ્લામાંથી છ શરાબી ઝડપાયા

અમરેલી, તા.૦૯

અમરેલી જિલ્લામાંથી પોલીસે વિવિધ સ્થળેથી ૬ શખ્સોને નશાયુક્ત હાલતમાં ફરતા ઝડપી પાડ્યા હતા. જાફરાબાદ, લુણકી, ખીજડીયા, જુના માલકનેશ,અમરેલી, રાજુલામાંથી ઈસમો ઝડપાયા હતા. જાફરબાદમાં કામનાથ મંદિર પાછળથી બે લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો.

# લાઠીના દહીંથરા ગામે વાડીએથી કેબલની ચોરી

લાઠી, તા.૦૯

લાઠીના દહીંથરા ગામે વાડીએથી ઈલેક્ટ્રિક કેબલની ચોરી થઈ હતી. અરજણભાઈ કાનજીભાઈ સુતરીયા (ઉ.વ.૭૦) એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની વાડીએથી તથા સાહેદોની વાડીએથી ૨૨૫ ફૂટ ઈલેક્ટ્રિક કેબલની ચોરી થઈ હતી. જેની કિંમત ૧૧,૪૦૦ જાહેર થઈ હતી.

લેઉવા પટેલ ટ્રસ્ટ મહિલા યુનિવર્સિટી (પ્રાઈવેટ યુનિવર્સિટી) મંજુરી પ્રક્રિયા ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી
ફોન ✓ (૦૨૭૯૨) ૨૩૨૩૨૧ થી ૨૬ -Ad125

**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૧૫૯/૨૦૨૫

અરજદાર :- શ્રી રમેશભાઈ બીજલભાઈ ગોહીલ
રહે. બક્ષીપુર, તા.જિ.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. બક્ષીપુર, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના બક્ષીપુર ગામમાં અરજદારશ્રી રમેશભાઈ બીજલભાઈ ગોહીલ તેઓના નાના ભાઈ મગનભાઈ બીજલભાઈ ગોહીલ ની જન્મ (તા.૦૧/૦૬/૧૯૭૫) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૩૦/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
કોર્ટનો સિક્કો
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૧૩૯/૨૦૨૫

અરજદાર :- શ્રી લીલાબેન મનજીભાઈ લક્કડ તે ધીરૂભાઈ દેસાઈના પત્ની
રહે. દહીંડા, તા.જિ.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. જાળીયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના જાળીયા ગામમાં અરજદારશ્રી લીલાબેન મનજીભાઈ લક્કડ તે ધીરૂભાઈ દેસાઈના પત્ની તેઓના નાના બહેન કાંતાબેન મનજીભાઈ લક્કડ તે મગનભાઈ કોરડીયાના પત્ની ની જન્મ (તા.૧૨/૦૩/૧૯૫૬) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
કોર્ટનો સિક્કો
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

શું તમને સાંભળવાની તકલીફ છે ?

☛ કોઈપણ ઉમરના વ્યકિતની બહેરાશની તપાસ
☛ બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
☛ વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
☛ જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
☛ જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

**લીલીયા મોટા ભાભા માર્કેટ યાર્ડ**

**:: જાહેર સુચના ::**

સીસીઆઈમાં વર્ષ ૨૦૨૫-૨૬ માટે ટેકાના નક્કી થયા મુજબ રૂ.૧૬૧૨/- ના ભાવેથી કપાસ વેંચવા માંગતા લીલીયા તાલુકાના ખેડૂતોએ **''કપાસ કિસાન''** મોબાઈલ એપ્લિકેશનમાં તા.૦૧/૦૯/૨૦૨૫ થી તા.૩૦/૦૯/૨૦૨૫ સુધીમાં પોતાની નોંધણી કરાવી લેવી ફરીજીયાત છે. ગાફલતમાં ન રહેવા કરતા આજે જ આપની નોંધણી કરાવી લેવી જો નોંધણી કરાવેલી હશે તો વેચી શકાશે.

BLUE BUDDHA
END OF SEASON SALE

Visit our shop today to avail Amazing Offer
BUY 1@ 40% OFF
BUY 3@ 50% OFF
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૧૬૫/૨૦૨૫

અરજદાર :- શ્રી ભનુભાઈ રામભારથી ગોસાઈ
રહે. ગીરધરનગર, એસ.ટી.ડીવિઝન પાસે, લાઠી રોડ, તા.જિ.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. મોટા આંકડીયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટા આંકડીયા ગામમાં અરજદારશ્રી ભનુભાઈ રામભારથી ગોસાઈ તેઓના પુત્રી રંજનબાળા ભનુભાઈ ગોસાઈ ની જન્મ (તા.૦૧/૦૬/૧૯૬૬) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૩૦/૦૮/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
કોર્ટનો સિક્કો
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી નં.૧૨૬/૨૦૨૫

અરજદાર :- શ્રી પ્રવિણભાઈ દેવરાજભાઈ મીયાણી
રહે. ચક્કરગઢ રોડ, બ્લોક નં.૫, આનંદનગર, સંકુલ પાસે, તા.જિ.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. બાબાપુર, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના બાબાપુરગામમાં અરજદારશ્રી પ્રવિણભાઈ દેવરાજભાઈ મીયાણી તેઓના નાના બહેન ગીતાબહેન દેવરાજભાઈ મીયાણી ની જન્મ (તા. ૨૮/૦૩/૧૯૭૧) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સહી,
કોર્ટનો સિક્કો
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-**

નં.જન્મ-મરણ કેસ.નં.૧૪૪/૨૦૨૫

પ્રતિ,
શ્રી મણીબેન દેવજીભાઈ વાઢેળ,
રહે.વણાંકબારા, ગામ-વણાંકબારા, તાલુકો-દિવ
જિલ્લો-દિવ
વકીલશ્રી,જે.જી.સોસા કોડીનાર .......અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, નાનાવાડા, તાલુકો-કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, દિવ તાલુકાના વણાંકબારા ગામના રહીશ **કરશનભાઈ જીવાભાઈ સોસા તથા દેવુબેન કરશનભાઈ સોસાના પુત્રી જયાબેન કરશનભાઈ સોસાનો** જન્મ **તારીખ:૦૧/૦૧/૧૯૬૯** ના રોજ કોડીનાર તાલુકાના નાનાવાડા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, નાના વાડા, તાલુકો -કોડીનાર સને.૧૯૬૯ જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૫/૦૯/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહિ**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**-//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-**

નં.જન્મ-મરણ કેસ.નં.૧૩૯/૨૦૨૫

પ્રતિ,
શ્રી કરશનભાઈ મેણસીભાઈ સોલંકી,
રહે.વેળવા, ગામ-વેળવા, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી,જે.જી.સોસા કોડીનાર .......અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, વેળવા, તાલુકો-કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના વેળવા ગામના રહીશ **કરશનભાઈ મેણસીભાઈ સોલંકી તથા મોતીબેન કરશનભાઈ સોલંકીના પુત્રી સોનલબેન કરશનભાઈ સોલંકીનો** જન્મ **તારીખ:૨૭/૧૧/૧૯૯૩** ના રોજ કોડીનાર તાલુકાના વેળવા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત કચેરી, વેળવા, તાલુકો -કોડીનાર સને.૧૯૯૩ જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૫/૦૯/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહિ**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**તંત્રી લેખ**

# નેપાળમાં રાજકીય કટોકટી પ્રજા વિદ્રોહના માર્ગે

નેપાળ, હિમાલયની ગોદમાં આવેલો આ નાનકડો દેશ, ભૌગોલિક રીતે જેટલો સુંદર છે, તેટલો જ રાજકીય રીતે અસ્થિર રહ્યો છે. છેલ્લાં બે દાયકાથી નેપાળ સતત રાજકીય ઉથલપાથલ અને કટોકટીનો સામનો કરી રહ્યું છે. લોકશાહીની સ્થાપના, રાજાશાહીનો અંત, માઓવાદી વિદ્રોહ અને નવા બંધારણના અમલ છતાં, નેપાળની રાજકીય સ્થિરતા હજી એક મૃગજળ જેવી રહી છે. આ કટોકટી માત્ર સત્તાની લડાઈ પૂરતી સીમિત નથી, પરંતુ તેના મૂળિયાં દેશના સામાજિક, આર્થિક અને ઐતિહાસિક સંદર્ભમાં ઊંડાં ઉતરેલાં છે.આ રાજકીય કટોકટીના કારણોને સમજવા માટે, તેના ઐતિહાસિક પરિપ્રેક્ષ્યને જોવું જરૂરી છે. નેપાળમાં ૨૦૦૬ સુધી રાજાશાહી હતી. રાજા જ સર્વોચ્ચ શાસક હતા અને પ્રજાને મર્યાદિત અધિકારો મળેલા હતા. આ રાજાશાહી વિરુદ્ધ દાયકાઓ સુધી ચાલેલા લોકતાંત્રિક આંદોલનો અને માઓવાદી વિદ્રોહે દેશને એક નવા વળાંક પર લાવી મૂક્યો. માઓવાદીઓએ સશસ્ત્ર ક્રાંતિ દ્વારા રાજાશાહીનો અંત લાવવા પ્રયાસ કર્યો, જ્યારે લોકતાંત્રિક પક્ષોએ શાંતિપૂર્ણ રીતે આંદોલન ચલાવ્યું. આખરે, ૨૦૦૬માં એક મોટુ જનઆંદોલન થયુ, જેને 'જન આંદોલન-૨' તરીકે ઓળખવામાં આવે છે. આ આંદોલને રાજાને સત્તા છોડવા મજબૂર કર્યા અને દેશમાં લોકશાહીની સ્થાપના થઈ. ૨૦૦૮માં, રાજાશાહીનો સત્તાવાર રીતે અંત આવ્યો અને નેપાળ પ્રજાસત્તાક બન્યું. પરંતુ, લોકશાહીની સ્થાપના પછી પણ રાજકીય કટોકટીનો અંત આવ્યો નહીં. નવા બંધારણના નિર્માણ માટે બંધારણ સભાની રચના કરવામાં આવી, પરંતુ વિવિધ રાજકીય પક્ષો વચ્ચેના આંતરિક મતભેદો અને સત્તાની લાલસાને કારણે બંધારણ બનાવવામાં અનેક અવરોધો આવ્યા. જાતિ, ભાષા અને પ્રાદેશિકતાના આધારે પક્ષો વચ્ચે ગઠબંધન અને વિખવાદો થયા. આખરે, વર્ષોની મથામણ પછી, ૨૦૧૫માં નેપાળે પોતાનું નવું બંધારણ અપનાવ્યું. આ બંધારણ ભલે દેશને એક દિશા આપતું હોય, પરંતુ તેને લઈને પણ તરાઈ ક્ષેત્રમાં વિરોધ પ્રદર્શનો થયા, કારણ કે તેમને લાગતું હતું કે તેમના હિતોને અવગણવામાં આવ્યા છે.નવા બંધારણ પછી પણ રાજકીય અસ્થિરતા ચાલુ રહી. ગઠબંધન સરકારોનું વારંવાર પતન થતું રહ્યું. વડાપ્રધાનો બદલાતા રહ્યા અને કોઈ પણ સરકાર પોતાનો કાર્યકાળ પૂરો કરી શકી નહીં. આનું મુખ્ય કારણ પક્ષોની આંતરિક ખેંચતાણ અને નેતાઓની વ્યક્તિગત મહત્વાકાંક્ષા છે. નેપાળી કોંગ્રેસ, કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળ (માઓવાદી કેન્દ્ર), અને કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળ (યુનિફાઈડ માર્ક્સિસ્ટ-લેનિનિસ્ટ) જેવા મુખ્ય પક્ષોએ સત્તા માટે અનેક વાર ગઠબંધન કર્યા અને તોડ્યા.તાજેતરના વર્ષોમાં, રાજકીય કટોકટીએ વધુ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. સંસદને વારંવાર ભંગ કરવામાં આવી અને વડાપ્રધાનોને અવિશ્વાસ પ્રસ્તાવનો સામનો કરવો પડ્યો. આ કટોકટી માટે એક મોટું કારણ કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ નેપાળ (યુએમએલ) અને માઓવાદી કેન્દ્ર વચ્ચેનું વિભાજન છે. આ બંને પક્ષોએ ચૂંટણીમાં સાથે મળીને બહુમતી હાંસલ કરી હતી, પરંતુ પછીથી સત્તા માટે આંતરિક વિખવાદો વધતાં તેઓ અલગ થઈ ગયા. આના કારણે સંસદમાં કોઈ પણ પક્ષને સ્પષ્ટ બહુમતી ન મળી અને ગઠબંધન સરકારોની અનિશ્ચિતતા વધી. આ રાજકીય કટોકટીની અસરો નેપાળના સામાન્ય નાગરિકો પર પણ પડે છે. વારંવાર બદલાતી સરકારોને કારણે દેશમાં નીતિગત સ્થિરતાનો અભાવ જોવા મળે છે. લાંબા ગાળાના આયોજનો થઈ શકતા નથી, અને વિકાસના કાર્યો અટકી જાય છે. ભ્રષ્ટાચાર વધ્યો છે કારણ કે શાસકો માત્ર પોતાની સત્તા ટકાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આર્થિક વિકાસ ધીમો પડ્યો છે અને બેરોજગારી એક મોટી સમસ્યા બની છે. યુવાનોને વધુ સારા ભવિષ્ય માટે વિદેશ જવાની ફરજ પડે છે.આ ઉપરાંત, નેપાળની રાજકીય કટોકટીમાં વિદેશી શક્તિઓનો હસ્તક્ષેપ પણ એક મોટો મુદ્દો છે. નેપાળ ભારત અને ચીન જેવી બે મહાશક્તિઓ વચ્ચે આવેલું છે. આ બંને દેશો નેપાળના રાજકારણમાં પોતાનો પ્રભાવ વધારવાનો પ્રયાસ કરતા રહ્યા છે. ભારત સાથે નેપાળના સાંસ્કૃતિક અને સામાજિક સંબંધો ગાઢ છે, જ્યારે ચીન આર્થિક અને ભૌગોલિક રીતે નેપાળને પોતાના તરફ ખેંચવા માંગે છે.

# રાજુલામાં સફાઈ કામદારોનું આંદોલન ઉગ્ર: રસ્તા પર ચક્કાજામ કરતા ગુનો નોંધાયો

**ચક્કાજામથી લોકો મુશ્કેલીમાં મુકાયા**

રાજુલા,તા.૦૯

રાજુલા નગરપાલિકાના સફાઈ કામદારોનું આંદોલન હવે વધુ ઉગ્ર બન્યું હતું. છેલ્લા સાત દિવસથી પોતાની નોકરી કાયમી કરવા સહિતની માંગણીઓ સાથે હડતાળ પર ઉતરેલા ૧૫૦ જેટલા સફાઈ કામદારો અને તેમના પરિવારે રસ્તા પર ચક્કાજામ કર્યો હતો, જેના કારણે વાહનવ્યવહાર ખોરવાયો અને લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. આ મામલે પોલીસે જાહેરનામાના ભંગનો ગુનો નોંધ્યો હતો.સફાઈ કામદારોએ રાજુલા-સાવરકુંડલા માર્ગ પર અચાનક ચક્કાજામ કરી દીધો. આંદોલનકારીઓએ સૂત્રોચ્ચાર કરીને પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને પરિસ્થિતિને કાબૂમાં લીધી અને રસ્તો ખુલ્લો કરાવ્યો હતો.આ ઘટના બાદ, પોલીસે જીતેશભાઈ ઉર્ફે જીતુભાઈ ચંદુભાઈ બારૈયા સહિત ૩૪ લોકોના નામ આપી અને અન્ય ૧૫૦ જેટલા અજાણ્યા લોકો સામે ગેરકાયદેસર રીતે ભેગા થવા અને જાહેરનામાનો ભંગ કરવા બદલ ગુનો નોંધ્યો હતો.ગુજરાત વાલ્મિકી પ્રદેશ પ્રમુખ જીતુભાઈ બારૈયાએ જણાવ્યું કે તેમની મુખ્ય માંગણી એ છે કે સફાઈ કામદારોને આખો દિવસ કામ મળે અને તેમને પૂરા દિવસનું લઘુત્તમ વેતન ચૂકવવામાં આવે. તેમણે ચેતવણી આપી છે કે જો નગરપાલિકાનું તંત્ર તેમની વાત નહીં સાંભળે તો સમગ્ર ગુજરાતમાંથી લોકો અહીં આવશે અને આંદોલન વધુ ઉગ્ર બનશે. સફાઈ કામદારોની હડતાળને કારણે શહેરની સ્વચ્છતા જળવાઈ રહે તે માટે નગરપાલિકાએ સફાઈનું કામ બહારની એક એજન્સીને સોંપી દીધું છે.

# સાવરકુંડલાના યુવકના પેન્ટના ખિસ્સામાંથી મોબાઈલ સરકી ગયો

**અજાણ્યો ઈસમ ચોરી કરીને ફરાર**

સાવરકુંડલા, તા.૦૯

સાવરકુંડલામાં એક યુવકના પેન્ટના ખિસ્સામાંથી પડી ગયેલા મોબાઈલની અજાણ્યો ઈસમ ચોરી કરીને ફરાર થઈ ગયો હતો.

બનાવ અંગે નાસીરભાઈ મહમદભાઈ ઝાખરા (ઉ.વ.૩૦)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, . તા.૦૭/૦૯/૨૦૨૫ ના રોજ સવારના નવ વાગ્યે પોતાની મોટર સાઈકલ લઈને સાવરકુંડલા મહુવા રોડથી પોતાના ઘરે જતા હતા. તે દરમ્યાન તેમના પેન્ટના ખિસ્સામાં રહેલો મોબાઈલ ફોન પડી ગયો હતો. જેની અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી ફરાર થઈ ગયો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે જે રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# સુરતના કામરેજમાં દેરોદ ગામે પતિએ પત્નીને જાનથી મારવાની ધમકી આપી

**સાસરિયાએ સામે ગુનો નોંધાયો**

રાજુલા, તા.૦૯

સુરતના કામરેજમાં દેરોદ ગામે પતિએ પત્નીને જાનથી મારવાની ધમકી આપી હતી. સાસરિયા સામે ફરિયાદ નોંધાવી હતી. રાજુલામાં રહેતી નીરૂબેન કરણદાસ હરીયાણી (ઉ.વ.૩૧) એ સુરતના કામરેજમાં દેરોદ ગામે રહેતા અને મૂળ સાવરકુંડલાના ભમ્મર ગામના પતિ કરણદાસ લક્ષ્મીરામ હરિયાણી, સસરા લક્ષ્મીરામ મંછારામ હરીયાણી, દીયર રાધેશ્યામ લક્ષ્મીરામ હરીયાણી તેમજ નણંદ ભારતીબેન લક્ષ્મીરામ હરીયાણી સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપીઓ તેના પતિને અવાર નવાર ખોટી ચડામણી કરતા હતા. જેથી તેણે જેમ ફાવે તેમ ગાળો ગાળો આપી ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો અને જાનથી મારવાની ધમકી આપી હતી. ઉપરાંત પૈસા લઈ આવવાની માંગણી કરી શારિરિક માનસિક દુખ અને ત્રાસ આપ્યો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી કે ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીમાં ઈદે મિલાદના જુલુસમાં ધક્કામુક્કી મુદ્દે માથાકૂટ થઈ

**યુવકને જાનથી મારવાની ધમકી આપી**

અમરેલી, તા.૦૯

અમરેલી સિટીમાં ઈદે મિલાદના જુલુસમાં ધક્કામુક્કી મુદ્દે યુવક સાથે માથાકૂટ થઈ હતી. જેને લઈ જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે મહેબુબ અનવરશાહ રફાઈ (ઉ.વ.૨૯)એ અમનભાઈ, અનુ,નાનભાઈ અને ફરદીન સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના ભાઈ રમઝાનના દીકરા નીઝામને અમનભાઈ સાથે ઈદે મિલાદના જુલુશમાં ધક્કમુક્કીમા માથાકૂટ થઈ હતી. જેનું મનદુખ રાખી સમાધાન કરવા બાબતે તેમને બોલાવીને જેમ ફાવે તેમ ગાળો આપી હતી. તેમજ મુંઢ માર મારીને જાનથી મારવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ ડી વી સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

# બગસરામાં શરાફી મંડળી દ્વારા વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ એનાયત કાર્યક્રમ યોજાયો

બગસરા,તા.૦૯

બગસરામાં નાગરિક શરાફી સહકારી મંડળી લિ.ની સ્થાપના જૂના જનસંઘી અને રાજકોટ નાગરિક બેંકના સ્થાપક ચેરમેન અરવિંદભાઈના વિચારોથી થઈ હતી. તેમની ૪૩મી પૂણ્યતિથિ નિમિત્તે મંડળી દ્વારા દર વર્ષે ધોરણ-૧થી ૮ના દત્તક વિદ્યાર્થીઓને અત્રેની કન્યા શાળા ખાતે શૈક્ષણિક કીટ એનાયત કરવાનો કાર્યક્રમ યોજાયેલ. આ સાથે વિદ્યાર્થીઓને જનરલ નોલેજ ક્વિઝ કોમ્પિટિશનનો કાર્યક્રમ પણ યોજવામાં આવેલ, જેમાં વિજેતાઓને



રોકડ પુરસ્કાર પણ આપવામાં આવેલ.આ સમારોહમાં મંડળીના જનરલ એમ.ડી. નિતેશ ડોડીયા, બગસરા શાખાના એમ.ડી. મહેશભાઈ વ્યાસ, ડિરેક્ટર સુરેશભાઈ પાઘડાળ, રામજીભાઈ અમરેલીયા, મેઘાણી હાઈસ્કૂલના પ્રિન્સિપાલ વિનોદભાઈ જેઠવા, પ્રસિદ્ધ કવિ સ્નેહી પરમાર, એડવાઈઝરી બોર્ડ મેમ્બર વીણાબેન સરવૈયા, હેતલબેન કટેશીયા, કન્યા શાળાના આચાર્ય હેમાંશુભાઈ છાટબર, તાલુકા શાળાના આચાર્ય દિવ્યેશભાઈ દુધરેજીયા, શાળા નંબર ૪ આચાર્ય દર્શનભાઈ ઠાકર જનરલ સેક્રેટરી ડી.જી.મહેતા, ઉપસ્થિત રહેલ તેમ આસિસ્ટન્ટ સેક્રેટરી પ્રવિણસિંહ રાઠોડની યાદી જણાવે છે.

**જાફરાબાદના લુણસાપુર ગામનો બનાવ**

# કંપનીના સિક્યોરિટી મેનેજરને ગાળો આપી છરી મારવા દોડ્યો

જાફરાબાદ, તા.૦૯

જાફરાબાદના લુણસાપુર ગામે કંપનીના સિક્યોરિટી મેનેજરને ગાળો આપીને છરી મારવા દોડ્યાની ઘટના બની હતી. બનાવ અંગે ભવરસિંહ રાઠોડ (ઉ.વ.૩૨)એ મેરૂભાઈ, રઘુભાઈ, રવિરાજભાઈ કોટીલા, રઘુભાઈના પિતા સામે ફરિયાદ નોંધાવી હતી. તેમણે મેરૂભાઈને મેરૂ કહેતા સારું નહોતું લાગ્યું અને કંપનીના મેઈન ગેટ પાસે ગાળો આપી છરી લઈ મારવા દોડ્યા હતા. તેમજ હાથમાં રહેલું કડું કાઢી મારવા દોડ્યા હતા.

જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ આર સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| ઘઉં લોકવન | ૫૨૭ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૨૯ | ૬૨૫ |
| જુવાર સફેદ | ૫૦૦ | ૭૯૨ |
| બાજરી | ૩૯૦ | ૪૫૧ |
| તુવેર | ૧૦૩૦ | ૧૩૨૪ |
| ચણા પીળા | ૯૭૧ | ૧૧૧૧ |
| ચણા સફેદ | ૧૧૧૦ | ૨૦૪૫ |
| અડદ | ૧૧૨૬ | ૧૬૩૩ |
| મગ | ૧૩૦૦ | ૧૭૦૦ |
| વાલ દેશી | ૩૦૦ | ૧૧૫૬ |
| ચોળી | ૮૪૦ | ૧૧૦૫ |
| વટાણા | ૧૦૦૦ | ૨૧૦૦ |
| રાજમા | ૯૦૦ | ૧૪૫૦ |
| સીંગદાણા | ૧૧૫૦ | ૧૩૮૪ |
| મગફળી જાડી | ૯૯૧ | ૧૧૧૦ |
| મગફળી જીણી | ૭૦૦ | ૧૦૨૫ |
| તલી | ૧૫૦૦ | ૨૦૪૪ |
| એરંડા | ૧૨૯૦ | ૧૩૦૮ |
| અજમો | ૮૪૦ | ૧૪૦૫ |
| સોયાબીન | ૭૮૦ | ૮૩૭ |
| સીંગફાડા | ૯૦૦ | ૧૨૫૬ |
| કાળા તલ | ૩૫૦૦ | ૪૩૪૩ |
| લસણ | ૬૨૮ | ૯૦૦ |
| ધાણા | ૧૩૧૦ | ૧૫૧૧ |
| ધાણી | ૧૨૮૦ | ૧૪૯૦ |
| વરીયાળી | ૧૦૧૫ | ૧૫૨૭ |
| જીરૂ | ૩૨૩૦ | ૩૫૬૯ |
| રાય | ૧૨૬૦ | ૧૫૭૦ |
| મેથી | ૮૨૫ | ૧૧૦૦ |
| કલોંજી | ૧૨૦૦ | ૩૯૫૦ |
| રાયડો | ૧૨૦૦ | ૧૨૬૦ |
| રજકાનું બી | ૬૦૦૦ | ૭૭૦૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૦૦ | ૮૦૦ |
| પપૈયા | ૧૦૦ | ૨૦૦ |
| બટેટા | ૧૫૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૬૦ | ૩૧૦ |
| ટમેટા | ૧૦૦ | ૬૦૦ |
| સુરણ | ૨૦૦ | ૭૦૦ |
| કોથમરી | ૨૦૦ | ૮૦૦ |
| મુળા | ૧૦૦ | ૩૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૬૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૮૦૦ |
| ચોળાસીંગ | ૨૦૦ | ૬૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૮૦૦ |
| ટીંડોળા | ૨૦૦ | ૯૦૦ |
| દુધી | ૧૦૦ | ૪૦૦ |
| કારેલા | ૨૦૦ | ૪૦૦ |
| સરગવો | ૨૦૦ | ૧૨૦૦ |
| તુરીયા | ૨૦૦ | ૮૦૦ |
| પરવર | ૨૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૧૦૦ | ૩૦૦ |
| કંટોળા | ૭૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૨૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૦૦ | ૪૦૦ |
| મેથી | ૨૦૦ | ૧૪૦૦ |
| વાલ | ૨૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૪૦૦ |
| આદુ | ૪૦૦ | ૧૨૦૦ |
| મરચા લીલા | ૧૦૦ | ૪૦૦ |
| મગફળી લીલી | ૨૦૦ | ૬૦૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૨૫૦ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૫૧ | ૧૫૩૬ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૮ |
| ઘઉં ટુકડા | ૫૦૪ | ૫૭૨ |
| મગફળી જીણી | ૮૫૧ | ૧૧૮૬ |
| સિંગદાણા જાડા | ૧૧૮૦ | ૧૩૭૧ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૩૧૧ |
| એરંડા / એરંડી | ૧૧૬૧ | ૧૩૦૬ |
| તલ લાલ | ૧૭૭૬ | ૨૩૩૧ |
| જીરૂ | ૨૯૦૧ | ૩૭૫૧ |
| વરીયાળી | ૮૧૧ | ૧૦૧૧ |
| ધાણા | ૮૫૧ | ૧૫૨૧ |
| લસણ સુકું | ૪૯૧ | ૧૦૪૧ |
| ડુંગળી લાલ | ૬૧ | ૨૬૧ |
| અડદ | ૧૧૦૧ | ૧૫૫૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૭૧ |
| રાયડો | ૧૧૩૧ | ૧૧૩૧ |
| રાય | ૧૦૭૧ | ૧૫૦૧ |
| મેથી | ૬૫૧ | ૧૦૬૧ |
| કાંગ | ૨૩૧ | ૪૯૧ |
| ગુવાર બી | ૬૧૧ | ૬૧૧ |
| મગફળી જાડી | ૭૦૦ | ૧૧૩૬ |
| સફેદ ચણા | ૧૧૩૧ | ૨૦૭૧ |
| મગફળી નવી | ૬૬૧ | ૧૦૪૬ |
| તલ - તલી | ૧૧૫૧ | ૨૨૦૧ |
| ધાણી | ૯૫૧ | ૧૫૭૧ |
| બાજરો | ૩૦૧ | ૪૧૧ |
| જુવાર | ૪૦૧ | ૭૦૧ |
| મકાઇ | ૪૫૧ | ૫૧૧ |
| મગ | ૧૨૭૬ | ૧૭૪૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૪૧ |
| વાલ | ૬૦૧ | ૭૭૧ |
| ચોળા / ચોળી | ૭૫૧ | ૧૧૧૧ |
| સોયાબીન | ૭૬૧ | ૮૩૧ |
| કળથી | ૫૭૧ | ૧૦૯૧ |
| ગોગળી | ૫૬૧ | ૧૦૦૦ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૫૦૦ |
| મરચા | ૪૦ | ૪૦૦ |
| ગુવાર | ૩૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૧૦૦ | ૩૦૦ |
| દુધી | ૧૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૩૪૦ |
| કાકડી | ૨૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૧૧૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૫૦૦ |
| ગલકા | ૧૦૦ | ૬૦૦ |
| ગાજર | ૪૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૫૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૪૦૦ | ૧૦૦૦ |
| વટાણા | ૨૮૫૦ | ૩૦૦૦ |
| કેરી કાચી | ૮૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૨૪૦ | ૩૨૦ |
| લીલી હળદર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૫ |
| તાંજરીયા પુરા | ૩ | ૬ |
| કોથમીર પુરા | ૩ | ૧૫ |
| મૂળા પુરા | ૪ | ૮ |
| કાચા કેળા | ૧૦૦ | ૧૬૦ |
| કંટોલા | ૩૦૦ | ૫૦૦ |
| પરવર | ૬૦૦ | ૮૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૩૦૦ | ૮૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૩ |
| બીટ પુરા | ૪ | ૧૫ |
| ચોરા | ૩૦૦ | ૮૦૦ |
| કારેલા | ૨૦૦ | ૫૪૦ |
| વાલોર | ૪૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૫૦૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૬૦૦ | ૧૨૦૦ |
| મકાઈ ડોડા | ૧૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૧૨ |
| પાલક પુરા | ૨ | ૫ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૪૦ | ૨૪૦ |
| રીંગણા | ૭૦૦ | ૮૦૦ |
| ફ્લાવર | ૩૦૦ | ૪૦૦ |
| કોબીઝ | ૧૬૦ | ૨૦૦ |
| શકકરીયા | ૯૦૦ | ૧૦૦૦ |
| ટમેટાં | ૪૦૦ | ૫૦૦ |
| સુરણ | ૯૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૩૦૦ | ૪૫૦ |
| કારેલા | ૨૪૦ | ૪૪૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| મુળા | ૨૦૦ | ૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૭૦૦ | ૮૦૦ |
| ચોળાલીલાં | ૪૦૦ | ૮૦૦ |
| તુરીયા | ૪૦૦ | ૯૦૦ |
| ચીભડા | ૫૦૦ | ૬૦૦ |
| વાલ | ૭૦૦ | ૮૦૦ |
| ભીડો | ૨૦૦ | ૪૦૦ |
| કટોલા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૧૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૧૦૦૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૪૦૦ | ૬૦૦ |
| શીગઓળા | ૫૫૦ | ૬૫૦ |
| લીમડો મીઠો | ૧૬૦ | ૨૪૫ |
| મરચાં લીલા | ૧૦૦ | ૫૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૦૦ |
| ડુંગળી સુકી | ૧૬૦ | ૨૮૦ |
| લસણ લીલુ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| પાલક | ૭૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૯૦૦ |
| મકાઈ | ૨૦૦ | ૩૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૫૫ | ૧૧૫૫ |
| ઘંઉ | ૫૪૨ | ૫૫૫ |
| તલ સફેદ | ૧૪૯૦ | ૧૪૯૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૨૩૫ | ૧૩૨૫ |
| કપાસ જુનો | ૧૫૦૦ | ૧૫૬૦ |
| મગફળી | ૯૨૫ | ૧૦૨૫ |
| તલ સફેદ | ૧૪૩૯ | ૧૯૫૧ |
| જીરૂ | ૨૮૪૦ | ૩૬૫૦ |
| ઘંઉ | ૪૬૦ | ૫૫૦ |
| અડદ | ૮૫૦ | ૧૧૪૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૮૬ |
| શીંગ મોટી | ૧૦૬૦ | ૧૧૪૦ |
| શીંગ નવી | ૬૮૦ | ૯૪૧ |
| તલ સફેદ | ૧૫૪૦ | ૩૨૦૬ |
| તલ કાળા | ૩૪૦૦ | ૪૨૮૬ |
| જીરૂ | ૩૨૧૦ | ૩૫૯૦ |
| કપાસ | ૧૪૧૧ | ૧૬૨૦ |
| કપાસ નવો | ૯૫૦ | ૧૪૧૦ |
| ઘઉં લોકવન | ૫૩૦ | ૫૭૫ |
| ઘઉં ટુકડા | ૫૫૫ | ૬૦૦ |
| બાજરો | ૩૭૪ | ૫૨૧ |
| જુવાર | ૭૨૩ | - |
| ચણા | ૯૦૦ | ૧૦૭૫ |
| તુવેર | ૮૦૦ | ૧૦૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૭૦૦ | ૧૧૫૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૨૫ |
| ઘઉં ટુકડા | ૪૬૪ | ૫૫૩ |
| સોયાબીન | ૭૦૦ | ૮૧૫ |
| જુવાર | ૫૩૫ | ૭૭૧ |
| શીંગ ફાડા | ૧૧૦૦ | ૧૧૪૦ |
| ચણા | ૭૦૦ | ૧૧૦૫ |
| તલ સફેદ | ૧૩૦૦ | ૧૯૦૦ |
| તલ કાળા | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ધાણા | ૮૨૦ | ૧૩૫૫ |
| તુવેર | ૯૫૦ | ૯૫૦ |
| મગ | ૧૨૦૦ | ૧૪૭૫ |
| મગ ફળી | ૭૦૦ | ૮૨૦ |
| મેથી | ૭૭૦ | ૭૭૦ |
| સફેદ ચણા | ૧૦૪૦ | ૧૦૪૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૦૦ | ૮૫૦ |
| તલ સફેદ | ૧૨૫૦ | ૧૯૫૦ |
| તલ કાળા | ૩૮૦૬ | ૪૦૬૧ |
| તલ પીળા | ૧૬૦૦ | ૧૯૫૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૨૬૦ |
| બાજરો | ૩૮૦ | ૬૧૪ |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૬૦૫ |
| જુવાર | ૭૦૦ | ૮૨૮ |
| મગ | ૮૪૦ | ૧૪૧૧ |
| તુવેર | ૧૨૧૦ | ૧૨૧૦ |
| ચણા | ૯૦૧ | ૧૧૬૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૫૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૪૫ |
| બાજરો | ૩૧૧ | ૪૧૬ |
| ચણા | ૮૦૧ | ૧૦૭૧ |
| તુવેર | ૮૫૧ | ૧૧૭૬ |
| મગફળી | ૭૦૦ | ૯૭૧ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૧૯૭૬ |
| ધાણા | ૧૦૦૧ | ૧૪૦૧ |
| સોયાબીન | ૭૦૧ | ૮૩૬ |
| **મહુવા** | | |
| શીંગ ૩૯ | ૪૦૦ | ૯૦૦ |
| શીંગ ૩૨ | ૬૯૩ | ૮૭૨ |
| એરંડા | ૧૦૦૧ | ૧૦૦૧ |
| જુવાર | ૩૮૨ | ૭૦૨ |
| બાજરી | ૩૩૨ | ૬૩૪ |
| ઘઉં ટુકડા | ૪૯૧ | ૬૧૬ |
| અડદ | ૬૦૦ | ૧૨૨૫ |
| મગ | ૧૪૩૫ | ૧૯૩૦ |
| મેથી | ૮૭૨ | ૯૧૪ |
| ચણા | ૯૩૬ | ૧૦૬૭ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| તલ કાળા | ૨૩૦૦ | ૪૨૮૫ |
| તુવેર | ૯૬૦ | ૧૦૭૦ |
| જીરૂ | ૩૩૧૦ | ૩૩૫૧ |
| ડુંગળી લાલ | ૬૭ | ૩૯૦ |
| ડુંગળી સફેદ | ૧૦૫ | ૧૬૫ |
| નાળીયેર | ૨૭૫ | ૩૦૦૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૫૦૦ | ૬૫૫ |
| બાજરો | ૪૧૫ | ૫૨૫ |
| ઘઉં | ૫૧૬ | ૬૧૫ |
| મગ | ૧૨૦૦ | ૧૪૫૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૫૦૫ | ૧૧૯૦ |
| ચોળી | ૪૮૦ | ૮૮૦ |
| વાલ | ૩૦૦ | ૫૦૫ |
| મેથી | ૮૫૦ | ૯૭૩ |
| ચણા | ૯૮૦ | ૧૧૦૫ |
| ચણા સફેદ | ૧૧૦૦ | ૧૫૦૫ |
| મગ ફળી જીણી | ૩૪૦ | ૭૨૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૫૭ |
| તલ | ૧૬૫૦ | ૨૦૭૫ |
| તલ કાળા | ૨૫૦૦ | ૪૨૫૦ |
| લસણ | ૪૫૦ | ૮૧૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૩૦ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૬૨૦ |
| અજમો | ૧૦૦૫ | ૨૪૨૫ |
| ધાણા | ૬૫૦ | ૧૪૭૦ |
| ધાણી | ૧૨૯૦ | ૧૪૮૦ |
| ડુંગળી સૂકી | ૩૫ | ૩૦૫ |
| શીંગદાણા | ૧૨૦૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૩૫ |
| વટાણા | ૨૦૦ | ૪૪૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૭૪૦ | ૧૧૨૦ |
| બાજરો | ૪૦૫ | ૫૮૧ |
| ઘઉં | ૫૦૦ | ૫૬૩ |
| જુવાર | ૩૫૫ | ૭૧૪ |
| ચોળી | ૭૦૦ | ૧૧૩૦ |
| અડદ | ૭૦૦ | ૧૫૬૬ |
| મગ | ૧૧૦૦ | ૧૭૮૮ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૦૨ |
| તલ | ૧૪૭૦ | ૧૯૧૪ |
| કાળા તલ | ૨૨૦૦ | ૪૪૮૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૫૨ |
| કાગ | ૩૫૦ | ૫૧૪ |
| રજકો | ૩૦૦૦ | ૫૭૫૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૯૯૦ | ૧૦૩૮ |
| શિંગ મોટી | ૫૭૫ | ૧૧૬૬ |
| શિંગ દાણા | ૯૦૦ | ૧૩૫૦ |
| શિંગ ફાડા | ૮૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૧૨૦ | ૨૩૦૦ |
| તલ કાળા | ૨૩૧૦ | ૪૫૩૦ |
| તલ કાશ્મીરી | ૧૧૭૦ | ૨૩૧૫ |
| બાજરો | ૩૧૪ | ૫૫૧ |
| જુવાર | ૬૬૬ | ૭૧૩ |
| ઘઉં ટુકડા | ૪૮૪ | ૫૮૮ |
| ઘઉં લોકવન | ૫૧૧ | ૫૭૦ |
| મકાઈ | ૫૬૧ | ૫૬૧ |
| મગ | ૧૦૩૦ | ૧૬૫૭ |
| ચણા | ૯૫૦ | ૧૧૨૨ |
| ચણા દેશી | ૧૨૭૦ | ૧૨૭૨ |
| સફેદ ચણા | ૧૦૭૬ | ૧૦૯૧ |
| છોલે ચણા | ૧૩૫૦ | ૧૭૦૩ |
| તુવેર | ૮૦૫ | ૧૨૫૨ |
| કપાસ | ૮૦૦ | ૧૬૧૮ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૬૮ |
| જીરૂ | ૩૧૦૦ | ૩૬૫૦ |
| રાય | ૧૩૦૦ | ૧૪૬૫ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૪૦ |
| અજમા | ૮૨૨ | ૧૨૩૦ |
| મેથી | ૭૭૦ | ૯૨૩ |
| સોયાબીન | ૬૯૫ | ૮૩૨ |
| રજકાનું બી | ૨૦૦૦ | ૬૫૦૦ |


06
લાગે તો તીર :- બોસ, ઘરવાળી બહું કચ કચ, કચ કચ કરે છે

# ઈન્કમટેક્સ પછી જીએસટી, મધ્યમ વર્ગ પર કેન્દ્ર મહેરબાન



નરેન્દ્ર મોદી સરકારે જીએસટી દરોમાં ઘટાડો કરીને બહુ મોટી રાહત આપી દીધી.

કેન્દ્ર સરકારે જીએસટીના ૪ સ્લેબની જગાએ બે જ સ્લેબ કરી નાખીને લોકોને મોટી રાહત આપી છે. આ સ્લેબ નવરાત્રિના પહેલા દિવસથી એટલે કે ૨૨ સપ્ટેમ્બરથી અમલમાં આવશે તેથી લોકો માટે દિવાળી પહેલાં જ દિવી થઈ જશે. મોદી સરકારે લક્ઝુરીયસ ચીજો અને તમાકુ ઉત્પાદનો પર ૪૦ ટકા જીએસટી લાદવાની જાહેરાત કરી હોવાથી વાસ્તવિક રીતે જીએસટીના ત્રણ સ્લેબ થયા છે પણ સામાન્ય માણસને અસર કરતી લગભગ તમામ ચીજો ૫ ટકા અને ૧૮ ટકાના બે સ્લેબમાં આવરી લેવાઈ હોવાથી સામાન્ય માણસને બહુ મોટા ફાયદો થશે.

કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારામને કરેલી જાહેરાત પ્રમાણે પહેલાં જીએસટીનો ઉચ્ચતમ દર ૨૮ ટકા હતો એ નાબૂદ કરીને ૧૮ ટકા કરી દેવાયો છે. તેના કારણે ૨૮ ટકા ટેક્સ લાગતો હતો એ બધી ચીજો પરનો ટેક્સ સીધો ૧૦ ટકા ઘટી ગયો છે તેથી બહુ રાહત થશે. દૂધ, રોટલી, પીત્ઝા, બ્રેડ સહિતની ખાદ્ય ચીજો પરથી જીએસટી ઝીરો કરી દેવાયો છે. હેર ઓઈલ, સાબુ, ટૂથપેસ્ટ, ટેબલવેર અને કિચનવેર જેવી તમામ ઘરવપરાશની વસ્તુઓ હવે ૫ ટકાના સ્લેબમાં આવી ગઈ છે. મધ્યમ વર્ગ માટે અનિવાર્ય એસી-ટીવી અને ફ્રિજ પર જીએસટી ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવ્યો છે. ટ્રેક્ટર, ટ્રેક્ટર ટાયર અને પાર્ટ્સ, ડ્રીપ ઈરિગેશન સિસ્ટમ અને સ્પ્રિંકલર, એગ્રીકલ્ચરલ, હોર્ટિકલ્ચરલ અને ફોરેસ્ટી મશીન પર જીએસટી ૧૨ ટકાથી ઘટાડીને ૫ ટકા કરવામાં આવ્યો તેથી ખેડૂતોને ફાયદો થશે.

મધ્યમ વર્ગને હેલ્થ ઈન્સ્યોરન્સ એટલે કે મેડિક્લેઈમ અને લાઈફ ઈન્સ્યોરન્સ પરનો જીએસટી નાબૂદ કરવાથી મોટો ફાયદો થશે. મધ્યમ વર્ગ માટે હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સ અનિવાર્ય છે. હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સ પ્રિમિયમ પર અત્યારે ૧૮ ટકા જીએસટી લાગે છે. નવરાત્રિના પહેલા દિવસથી આ ટેક્સ ઝીરો થઈ જશે તેથી સામાન્ય લોકોને બહુ રાહત થશે.

મોદી સરકારની જાહેરાતથી મધ્યમ વર્ગના મહિનાના બજેટમાં બહુ તોતિંગ ઘટાડો નહીં થાય પણ એટલો ઘટાડો ચોક્કસ થશે કે આનંદ થાય.

■■■

મોદી સરકાર આ વરસે બીજી વાર મધ્યમ વર્ગ પર મહેરબાન થઈ છે.

આ પહેલાં નિર્મલા સીતારામનના ૨૦૨૫-૨૬ના નાણાંકીય વર્ષ માટેના કેન્દ્રીય બજેટમાં આવકવેરાની મુક્તિ મર્યાદા સીધી ૧૨ લાખ કરીને બહુ મોટી રાહત આપી હતી. ભાજપે નોકરીયાતો અને મધ્યમ વર્ગને રીઝવવા માટે ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં સત્તાવાર રીતે ચૂંટણી ઢંઢેરામાં આવકવેરા મર્યાદા વધારીને પાંચ લાખ રૂપિયા કરવાનું વચન આપેલું. તેના કારણે મધ્યમ વર્ગ અને નોકરીયાતો ભાજપના પડખે થઈ ગયા તેથી ભાજપ કેન્દ્રમાં સત્તામાં આવ્યો પણ સત્તામાં આવ્યા પછી ભાજપે કદી આ વચન ના પાળ્યું. છેક ૧૧ વરસે મોદી સરકારે એ વચન પાળીને લોકોને મોટી રાહત આપેલી.

નિર્મલા સીતારામને બે વર્ષ પહેલાં જાહેર કરેલા આવકવેરાના ન્યુ રીજિમમાં ૭.૨૦ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટેક્સ નહોતો અને આ વરસે આ મર્યાદા વધારીને સીધી ૧૨ લાખ રૂપિયા કરી દેવાઈ. તેમાં સ્ટાન્ડર્ડ ડીડક્શનના ૭૫ હજાર રૂપિયા ઉમેરો તો હવે ૧૨.૭૫ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટેક્સ લાગશે નહીં. મહિનાની એક લાખ ને છ હજાર રૂપિયા સુધીની આવક હોય તો એક પૈસો પણ ઈન્કમટેક્સ પેટે નહીં ચૂકવવો પડે તેના કારણે મધ્યમ વર્ગને ભારે રાહત થઈ ગઈ છે.


બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

મોદી સરકારે ગયા વરસે લોકસભાની ચૂંટણીનાં પરિણામો પછી આયુષ્માન યોજનાનો લાભ ૭૦ વર્ષથી વધારે ઉંમરનાં લોકોને આપવાનો નિર્ણય લઈને મધ્યમ વર્ગને મોટી રાહત આપી હતી. મધ્યમ વર્ગને ઘરના વડીલોનો દવાઓ અને સારવારનો ખર્ચ આકરો પડતો હતો. આયુષ્માન યોજનામાં એ લાભ નહોતો મળતો તેથી મધ્યમ વર્ગ પરેશાન હતો. મોદી સરકારે એ પરેશાની દૂર કરી દીધી.

મોદી સરકારે સરકારી કર્મચારીઓ માટે નવી પેન્શન યોજના અને આઠમું પગાર પંચ સહિતના મોટા નિર્ણયો પણ લીધા પણ તેનો લાભ માત્ર સરકારી કર્મચારીઓને મળવાનો છે જ્યારે આવકવેરામાં તથા જીએસટીમાં રાહત તમામ લોકોને મળશે.

■■■

ચમત્કાર વિના નમસ્કાર નથી.

મોદી સરકારે મધ્યમ વર્ગ પર મહેરબાન છે તેનું કારણ લોકસભાનાં ચૂંટણી પરિણામો છે. ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં ૨૪૦ બેઠકો મળી પછી ભાજપને અહેસાસ થયો કે, મધ્યમ વર્ગને હવે લાંબો સમય મૂર્ખ બનાવી શકાય તેમ નથી. હિંદુત્વની વાતોથી આકર્ષાઈને મધ્યમ વર્ગનાં લોકોએ બે વાર મત આપ્યા પણ મધ્યમ વર્ગ માટે કશું ના કરાતાં નારાજ થઈને દૂર થઈ રહ્યો છે. આ વર્ગની નારાજગી એ હદે ભારે પડી કે, ભાજપ સંપૂર્ણ બહુમતી ના મેળવી શક્યો. ભાજપને મોટો ફટકો ઉત્તર પ્રદેશમાં પડ્યો પણ બીજાં રાજ્યોમાં પણ થોડી ઘણી અસર તો વર્તાઈ જ હતી ને તેનું કારણ મધ્યમ વર્ગની નારાજગી હતી.

મોદી સરકારે ખેડૂતોને દર ચાર મહિના ખાતામાં બે-બે હજાર રૂપિયા જમા કરાવવાની સ્કીમ લાગુ કરી દીધી, ગરીબોને છેક ૨૦૨૯ સુધી મફત અનાજ આપવાનું એલાન કરી દીધેલું જ્યારે ભાજપની વફાદાર મતબેંક મનાતા મધ્યમ વર્ગને કશું ના આપ્યું. સત્તા માટે અપાયેલાં વચનોને પણ ભાજપે ભૂલાવી દીધેલાં તેથી મધ્યમ વર્ગે ભાજપને ચમકારો બતાવી દીધો. આ ચમકારો ફરી ના અનુભવવો પડે એટલે ભાજપની સરકાર મધ્યમ વર્ગ પર મહેરબાન છે.

■■■

ભવિષ્યમાં જીએસટી સાવ નીકળી જાય એવું બને?

કોઈને અત્યારે આ વાત કહેતા બી દીવાના ઓર સુનતા બી દીવાના જેવી લાગશે પણ ભારતમાં માત્ર જીએસટી જ નહીં પણ ઈન્કમટેક્સ, એક્સાઈઝ સહિતના બધા કરવેરા નાબૂદ થઈ શકે છે. ભૂતકાળમાં આ દિશામાં વિચારણા પણ થઈ હતી પણ એ વાતો કાગળ પર રહી ગઈ ને અમલ ના થયો.

ભારતમાં પહેલાં ચીજ-વસ્તુઓ પર સેલ્સ ટેક્સ લાગતો ને પછી વેલ્યુ એડેડ ટેક્સ (વેટ) આવેલો. વેટના સ્થાને પછી ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) આવ્યો પણ સેલ્સ ટેક્સ લાગતો હતો એ વખતે એટલે કે અટલ બિહારી વાજપેયીના સમયમાં પર્સનલ ઈન્કમટેક્સ, સેલ્સ ટેક્સ સહિતના તમામ કરવેરા સંપૂર્ણ નાબૂદ કરવાની વિચારણા થઈ હતા. તેના સ્થાને ગુડ્સ કન્ઝમ્પશન ટેક્સ (જીસીટી) અને બેંક ટ્રાન્ઝેક્શન ટેક્સ (બીટીટી) લાદવાનાં સૂચન થયાં હતાં. વાજપેયી સરકારે આ દિશામાં ગંભીરતાથી વિચારણા પણ કરેલી પણ ૨૦૦૪ની ચૂંટણીમાં વાજપેયી સરકાર ઘરભેગી થતાં આખી વાત ભૂલાઈ ગયેલી.

ગુડ્સ કન્ઝમ્પશન ટેક્સ (જીસીટી)નો કન્સેપ્ટ ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) જેવો જ હતો કેમ કે તેમાં લોકો ચીજ-વસ્તુઓ કે સેવા વાપરે તેના પ્રમાણમાં ટેક્સ લેવાની દરખાસ્ત હતી. ગરીબોના વપરાશની બધી ચીજોને જીસીટીમાંથી બાકાત રાખવાની અને મધ્યમ વર્ગ વધારે વાપરતો હોય એવી ચીજો પર મધ્યમ ટેક્સ લગાવવાની દરખાસ્ત હતી. ધનિકો વાપરે એ લક્ઝુરીયસ ચીજો પર ઉંચો ટેક્સ લેવાનું સૂચન પણ કરાયું હતું પણ તેના કારણે ઉદ્યોગપતિઓ અને ધનિકો નારાજ થઈ જાય એ ડરે વાજપેયી સરકાર આગળ ના વધી.

બેંકમાં થતા દરેક ટ્રાન્ઝેક્શન પર બેંક ટ્રાન્ઝેક્શન ટેક્સ (બીટીટી) લઈને તમામ પ્રકારના ટેક્સ લાદવાની દરખાસ્ત પણ રજૂ કરાયેલી. બીટીટી બેંકને લગતા દરેક વ્યવહાર પર લગાવવાનો વિચાર તેમાં કેન્દ્રસ્થાને હતો. એટીએમમાંથી રૂપિયા ઉપાડો, સેલેરી ઉપાડો કે ચેક લખો તો પણ બીટીટી લગાવવાનો.

અર્થશાસ્ત્રીઓના મતે, કેન્દ્ર સરકાર માત્ર એક ટકા બીટીટી લગાવે તો પણ એટલી જંગી આવક થાય કે બીજા કોઈ કરની જરૂર જ ના પડે. બીટીટીથી કરચોરી પણ સાવ ઘટી જાય કેમ કે બેંક જ સીધી ટેક્સ કાપી લેવાની છે. બીટીટીના કારણે સરકારનો ખર્ચ પણ ઘટે કેમ કે ટેક્સ કર્મચારીઓની જરૂર ઓછી પડે.

ભારત જેવા વધારે વસતી ધરાવતા દેશોને દેશ ચલાવવા અને વિકાસ કાર્યો માટે માટે જંગી નાણાં જોઈએ તેથી કોઈ ને કોઈ રીતે ટેક્સ વસૂલવો જરૂરી છે પણ જીએસટીના બદલે જીસીટી કે બીટીટીથી પણ આવક થઈ જ શકે. ભવિષ્યની કોઈ સરકાર આ દિશામાં ફરી વિચારે તો જીએસટી નાબૂદ થઈ જાય એ શક્ય છે. ■

sanjogpurti@gmail.com

# "વશ" (૨૦૨૩) આખેઆખી જોવી પડે એટલી "ખરાબ" ફિલ્મ




હું એક નંબરનો ડરપોક માણસ છું. નરેશ કનોડીયા યુગ સમાપ્ત થયો તે પછી ગુજરાતી ફિલ્મ જોવામાં સખત ડર લાગતો. ઓરિજિનલ ડર. કારણ કે દરેક ફિલ્મ હોરર ફિલ્મ જ હોય. અમુક ડ્રેક્યુલાઓ પાછા નવું લાવ્યા'તા- અર્બન ગુજરાતી મૂવી. આ સુપર હોરર મૂવી પ્રકાર છે જે હકીકતમાં નરેશ કનોડીયા અને ઉપેન્દ્ર ત્રિવેદીને હોગ અથવા હોબ અર્થાત ગામડિયા સાબિત માટે ઈન્વેન્ટ કરવામાં આવ્યો હતો. એ ફિલ્મકારો ગામડિયા, અભણ હતા અને અમે સુધરેલા શહેરી -એમ કહેવા માંગતા હતા એ ડ્રેક્યુલાઓ. એટલે મેં ફિલ્મેશ્વર મહાદેવના મંદિરે જઈને પ્રતિજ્ઞા લઈ લીધી હતી કે આવનારા ૯૨ લાખ વર્ષ સુધી આવી ગુજરાતી ફિલ્મો જોવાની નથી. પણ જાણીતા ફિલ્મ ક્રિટીક અને ઈન્ટરનેશનલ સંત શ્રી બુબૂડાનાથના અતિ આગ્રહને વશ થઈને મેં 'વશ લેવલ ૨' અને તેનું હિન્દી વર્ઝન 'વશ-વિવશ' રિલીઝ થયાના બે દિવસ પૂર્વે 'વશ' ફિલ્મ જોઈ.

૨૦૦૩ કે ૦૪માં ભાવનગરના યશવંતરાય નાટ્યગૃહમાં હિતેન કુમારનો એક ઈન્ટરવ્યૂ કર્યો ત્યારે મેં એમના ઉપર ગુજરાતી ફિલ્મોના લેવલ બાબતે 'પ્રતાપભાઈ સ્ટાઈલ'માં પ્રેશર ક્રિએટ કર્યું હતું. ( પત્રકારોનો ત્રાસવાદ હંમેશા પ્રતાપભાઈની વિવેકપૂર્ણ સ્ટાઈલમાં જ હોય છે ! કોણે કહ્યું કે કૃષ્ણદેવ યાજ્ઞિક ઉર્ફે કેડી કંઈક નવું લાવ્યા છે?! હકીકતમાં પ્રતાપભાઈનું પાત્ર એમણે પત્રકારો ઉપરથી જ ઉપાડ્યું છે, ઉઠાવ્યું છે.) હિતેને મને કહ્યું હતું કે એકવાર 'મૈયરમાં મનડું-' જોઈ નાખો અને પછી મને કહેજો. પણ મેં એમને કંઈ જ કહ્યું નહોતું. કેમ કે 'મૈયરમાં મનડુ-'ને ફિલ્મ કહેવી કે કોઈના લગ્નની સીડી એ અત્યાર સુધી નક્કી થઈ શકતું ન હતું. જે રીતે સુપરસ્ટાર બનવાથી રાજેશ ખન્નાને સારા એક્ટર કહી શકાય નહીં એ રીતે ફિલ્મ સુપરહિટ જવાથી 'મૈયરમાં મનડુ-' ને સારી ફિલ્મ કહી શકાય નહી. હા ભાઈ, 'મૈયરમાં મનડુ-' જોવામાં મારુ મનડુ નથી લાગતું. આઈ મીન- નહોતું લાગ્યું. 'મૈયરમાં મનડું-' પણ હોરર ફિલ્મ વિભાગમાં આવે છે. આ વાત સાથે તો ખતરનાક ફિલ્મ વિવેચક એવા ઈન્ટરનેશનલ સંત શ્રી બુબૂડાનાથ સહમત છે.

પણ 'વશ' (૨૦૨૩) જોયા પછી સટ્ટાક કરીને એક વાત મગજમાં બેસી કે હવે બધી જ ગુજરાતી ફિલ્મોને 'છગન-મગન' સમજવાની જરૂર નથી. 'વશ' એટલે કૃષ્ણદેવ યાજ્ઞિકની ખતરનાક સ્ટોરી, જાલીમ સ્ક્રીન પ્લે, દિવ્ય દિગ્દર્શન અને હિતુ કનોડિયા, હિતેનકુમાર, જાનકી બોડીવાલાનો જાનલેવા અભિનય. એકદમ રોમેન્ટિક ફિલ્મ. રાક્ષસી રોમાંચ...

મને મજા એ વાતની પડી કે આર્યા (જાનકી બોડીવાલા)નું અપહરણ કરવા ઈચ્છનાર પ્રતાપભાઈ (હિતેનકુમાર) એટલા બધા વિવેકી છે કે તે અથર્વ (હિતુ કનોડિયા)નો પરિવાર સર્વાનુમતે ઠરાવ પસાર કરે (બે તૃતીયાંશ બહુમતી !) પછી જ આર્યાને લઈ જવા તૈયાર છે. અને ઠરાવ પસાર ન થાય તો પોતે અનંત સમય સુધી અહીં જ રહીને યથાશક્તિ ડખા કે મહાડખા કરવાની તૈયારી રાખે છે. કેટલી ધીરજ! વળી આર્યાને લઈ જવા પાછળ પ્રતાપભાઈનો કોઈ બળાત્કારાત્મક ઈરાદો નથી. તે આર્યાને 'બેટા' કહીને, વડીલ થઈને લઈ જવા માંગે છે. આર્યાના મધર (નીલમ પાંચાલ)ને પણ તે 'બેન' કહીને બોલાવે છે. ( આર્યાને બીજે ક્યાંય ક્યાં જવાનું છે? મામાને ઘેર જ તો જવાનું છે! ઈયો..!) આટલો વિવેક તો અત્યારના હીરોમાં પણ નથી હોતો! આ તો વિલન આટલો વિવેકી છે! વિલનનો આ વિવેક જ દર્શક તરીકે આપણી ડરવાની અને ફફડી ઊઠવાની ઈચ્છાઓ પૂરી કરે છે. બાકી બરોડા પાડતા વિલનો તો બહુ જોયા, હવે... હિતેને બહુ જ શાંતિથી અશાંતિ પેદા કરી છે. નીલમ જેવી ખતરનાક બ્યુટીને 'બહેન' કહેવા માટે ૫૬ ઈંચની છાતી જોઈએ, ભાઈ ! અહેંએં...

સોરી, ફિલ્મનો અંત મને નથી ગમ્યો. બધું પતી ગયા પછી પાછળથી થૂંકના સાંધા કર્યા હોય એવો અંત છે. પણ ઠીક છે. ફક્ત આટલી બાબતે ફિલ્મનું 'જોરદારત્વ' ઘટી જતું નથી.

હા, 'વશ' ઉપરથી અજય દેવગણે હિન્દીમાં બનાવેલી રીમેક 'શૈતાન' (૨૦૨૪)નો અંત એકદમ ખરાબ એટલે કે સારો છે. અને આખે આખી ફિલ્મની સ્ક્રીનપ્લે તેમ જ સમગ્ર ઉઠાવ 'વશ' કરતા વધારે ખતરનાક અર્થાત જોરદાર છે. વિલન તરીકે આર. માધવન પણ હિતેનકુમાર કરતા જરાય ઉતરતો નથી. પણ ના, તે જાનકી બોડીવાલાની મમ્મીને 'બહેન'ને બદલે 'ભાભી' કહીને બોલાવે છે એટલે હિતેનની સરખામણીમાં આર. માધવનને બે માર્ક ઓછા મળે. આમાં કંઈ ડખો થાય તો બંનેના સ્ક્રીન પ્લે રાઈટર અથવા ડાયલોગ રાઈટરે અંદરોઅંદર સમજી લેવું. 'શૈતાન' ફિલ્મને ક્રાફ્ટ્સ્મેનશીપની દ્રષ્ટિએ મૂળ ફિલ્મ કરતાં બે માર્ક વધુ મળે છે. આ વાક્ય વાંચીને અજય દેવગણે બહુ હરખાઈ જવું નહીં કેમકે એણે શૈતાન ૬૦થી ૬૫ કરોડના બજેટમાં બનાવી છે. અમારા ગુજરાતીઓને આટલું બજેટ મળે તો આવી છ સુપરહિટ ફિલ્મ આપી શકે. ( કદાચ વધુ અહીંયા તો પાંચ લાખમાં ફિલ્મ બનાવવા વાળા પણ પડ્યા છે.) એ એન્ગલથી જોવા બેસો તો 'શૈતાન' કરતાં 'વશ'ને ૬ માર્ક વધુ મળે. ૬ જ કેમ ? ૧૦ કેમ નહીં? અરે યાર ૪ માર્ક તો 'વશ' જેવા ચીલાચાલુ શીર્ષકના કપાય કે નહીં? આટલી સારી ફિલ્મ માટે 'વશ' એ એક બહુ જ ખરાબ શીર્ષક ગણાય. યાર, આટલી સારી ફિલ્મ બનાવો છો તો અમારી પાસે આવો. અમે ફિલ્મ શીર્ષક વેચાણ કેન્દ્ર ચલાવીએ છીએ. બહુ જ ઓછા ભાવે મોંઘા ટાઈટલ વેચીએ છીએ. વેચી મારી છીએ.

બાય ધ વે, ફિલ્મને ૭૧મો નેશનલ ગુજરાતી ફિલ્મ એવોર્ડ સાવ અમથે અમથો આપી દેવામાં નથી આવ્યો. જાનકી બોડીવાલાને પણ બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસનો રોલ એવોર્ડ પણ સાવ શોખથી નથી અપાયો. 'વશ' ફિલ્મે કમાણી પણ એવી કરી છે કે નિર્માતા, નિર્દેશક તેમજ ફિલ્મની બીજી ઘણી બધી બાબતોના સર્વેસર્વા (હોલમસોલ!) કૃષ્ણદેવ યાજ્ઞિકને તેનો બીજો ભાગ 'વશ લેવલ ટુ' અને તેનું હિન્દીકરણ 'વશ વિવશ લેવલ ૨' સારા બજેટથી અને વ્યવસ્થિત રીતે કરવાની તક મળે. જો આવી જ ફિલ્મો બનતી હોય તો હું ગુજરાતી ફિલ્મ જોવામાં શરમાવાનું બંધ કરવા માગું છું. મેં સંત શ્રી બુબૂડાનાથને કહ્યું કે ગુજરાતીમાં જો આટલી 'ખરાબ' અર્થાત મને પણ જોવી ગમે એવી ફિલ્મો બનતી હોય તો હું આવનારા ૯૨ લાખ વર્ષ સુધી ચોવીસે કલાક ગુજરાતી ફિલ્મ જોવા તૈયાર છું.

ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા

એક છેલ્લી વાત, 'પ્રતાપભાઈ એટલે કે એક વિવેકી રાક્ષસનો રોલ હિતેનકુમાર બહુ જ સુંદર રીતે નિભાવી શક્યા છે એમાં કોઈ મોઢામાં આંગળી નાખી જતા હોય તો એટલું બધું પ્રભાવિત થવાની જરૂર નથી કારણ કે આવો અભિનય તો હિતેનના લોહીમાં જ હોય. કેમ કે મૂળે તે પત્રકાર સમાજમાંથી ફિલ્મી સમાજમાં ગયા છે.' - આ અભિપ્રાય મારો નથી. આ શબ્દો વિશ્વવિખ્યાત ફિલ્મ વિવેચક અને આંતરરાષ્ટ્રીય સંત શ્રી બુબૂડાનાથના છે. આ બાબતે કોઈ ડખો થાય તો પત્રકારોએ એમની સાથે જ સમજી લેવું. મેં તો માત્ર એક સાદા અને સારા પત્રકાર તરીકે એમને ક્વોટ કર્યા છે, હા...

■ naranbaraiya277@gmail.com

# શિક્ષક હોવાનું ગૌરવ...




પાંચમી સપ્ટેમ્બરના રોજ ભારતના દ્વિતીય રાષ્ટ્રપતિ અને ભારતરત્ન ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મ દિવસે શિક્ષક દિવસ ઉજવવામાં આવે છે. દર્શનશાસ્ત્રના ચિંતક, વિવેચક અને અભ્યાસુ અધ્યાપક હોવાથી તેમનો વર્ગ અસરકારક અને પ્રભાવી હોવાથી વિદ્યાર્થીઓ ભણવામાં એટલા તલ્લીન થઈ જતા હતા કે વર્ગ છોડવો ગમે નહીં. જેની પાસે જ્ઞાન સાથે સમજ છે તેનો પ્રશિક્ષણ વર્ગ આનંદસભર હોય છે. ડો. રાધાકૃષ્ણન વિદ્યાર્થી પ્રિય અધ્યાપક હતા. તેમના વિદ્યાર્થીઓને પોતાના સંતાન સમજીને યોગ્ય સમજ, શિક્ષણનું મૂલ્ય અને રાષ્ટ્રસેવાના આધારસ્તંભને શિલ્પી તરીકે કંડારવાનું કાર્ય કરતા રહ્યા. વિદ્યાર્થીઓ તેમના એટલા પ્રભાવક બની ગયા કે તેમના લેક્ચરને રાહ જોતા હતા. પાંચમી સપ્ટેમ્બર આવી એટલે વિદ્યાર્થીઓએ નક્કી કર્યું કે આપનો જન્મદિવસ ભવ્ય રીતે ઉજવવો છે ત્યારે રાધાકૃષ્ણને વિદ્યાર્થીઓને હસીને કહ્યું કે જન્મ અને મૃત્યુ નિશ્ચિત છે જો આપને મારો જન્મદિવસ ઉજવવો જ હોય તો તે દિવસે આપ સ્વયં શિક્ષક બનીને પ્રશિક્ષણ કાર્ય કરો અને ભણાવો. એક દાર્શનિક અધ્યાપકના માનસમાંથી જન્મેલો વિચાર સમગ્ર દેશમાં શિક્ષક દિવસ તરીકે ઉજવાય છે. એક વિચાર જ્યારે વિરાટ સ્વરૂપ ધારણ કરે ત્યારે પરિવર્તનની પ્રક્રિયા મજબૂત બને છે.

સમાજમાં શિક્ષકોનું મૂલ્ય ઘટી રહ્યું છે તેના માટે મહદ અંશે શિક્ષકો પણ જવાબદાર છે. શિક્ષકો શિક્ષકના વ્યવસાયને માત્ર નોકરી સમજીને કાર્ય કરે છે. પગારદાર શિક્ષક અને વર્ગમાં શ્રેષ્ઠ શિક્ષણ કાર્ય કરતો બાહોશ શિક્ષક બંનેમાં આસમાન જમીનનો ફરક છે. બાળકો તો આપણા અન્નદાતા છે. તેમના થકી આજે લાખોના પગારો પ્રાપ્ત થાય છે. 'ટકોરે આયા અને ટકોરે ગયા' તે આ પૃથ્વી ઉપરથી ગયા સમજવું. શિક્ષક પાસે તેના શૈક્ષણિક સાધનો, વિષયનું ઊંડું જ્ઞાન, બાળકની આંતરિક શક્તિઓને કેળવવાની ક્ષમતા, બાળકોમાં શ્રેષ્ઠ શિક્ષણ થકી શ્રેષ્ઠ નાગરિક નિર્માણ કરવાની કલા, બાળકોમાં નિયમિતતા, સમયપાલન, શિસ્ત, અનુશાસન જેવા આદર્શ ગુણો કેળવવાની ભાવના શિક્ષકમાં નિરંતર ચાલવી જોઈએ તો જ તે શાળાને બદલી શકે.


સામાજિક અને શૈક્ષણિક
વિપુલ ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

આજે તો ચોપડીઓ વાંચી જવી, અભ્યાસક્રમ પૂર્ણ કરી દેવો, ફટાફટ પેપર ચેક કરી નાખવા અને બાળકોનું વર્ષ પૂર્ણ થાય એટલે પત્યું. દરરોજ નિવૃત્તિ તારીખ જોતા મહાપુરુષોને ભારતરત્ન એવોર્ડ આપીને સન્માનિત કરવા જોઈએ? વર્ગના રાજા બનીને બાળકોમાં હકારાત્મક ભાવ કેળવી તેને સક્ષમ નાગરિક બનાવવા માટે તમને વિશેષ જવાબદારી આપવામાં આવી છે એટલે તમને સમાજમાં ગુરુનો દરજ્જો આપવામાં આવ્યો છે. સમાજમાં પચાસ વર્ષ પૂર્વે ગામડાઓમાં કે શહેરમાં સારો અથવા ખરાબ પ્રસંગ હોય તો પહેલું આમંત્રણ ગુરુને આપવામાં આવતું હતું. મા ના સ્તર સુધી પહોંચેલા માસ્તર આ સમાજનું ઘરેણું છે. વિદ્યાર્થીઓ સાથે આત્મીયતાના ભાવ કેળવો એટલે બાળક કેળવાય.

બાળકોને શિક્ષણ આપવાથી કદાચ ટકા સારા આવશે પરંતુ આપણે તો મૂલ્યવાન, કર્મશીલ અને પ્રામાણિક વિદ્યાર્થીઓ નિર્માણ કરવાના છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના ૧૮મા અધ્યાયના શ્લોક ૧૮માં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા એ ત્રણ પ્રકારના કર્મનો પ્રેરક છે અને કરણ, કર્મ અને કર્તા એ ત્રણ પ્રકારનો કર્મનો આશ્રય છે. અસરકારક વર્ગ બનાવવા માટે આયોજનબદ્ધ શૈક્ષણિક કાર્ય કરવું જોઈએ. સાંસ્કૃતિક અને રાષ્ટ્રસેવાની કેડી કંડારવી જોઈએ. શિક્ષકો અભ્યાસુ, વાચક અને વિચારશીલ હોવા જોઈએ. વર્ગમાં આવેલું બાળક આપણા માટે ખુબ મહત્વનું છે. તેને શ્રેષ્ઠ શિક્ષણ આપવા માટે ભગીરથ પ્રયાસ કરવો જોઈએ.

શિક્ષકે માતા પિતા બનીને બાળકને સ્વીકારવો જોઈએ. તેની અંદર પડેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવી જોઈએ. આજે તો પ્રશિક્ષણ વર્ગમાં તેમજ તાલીમમાં કેટલાક શિક્ષકોને એમ પૂછવામાં આવે કે તમારા પાઠ્યપુસ્તકમાં કેટલા પાઠ છે અને તે પાઠના તમામ નામ કેટલાને આવડે છે? જવાબ સાંભળીને હૃદયને ઝાટકો વાગે છે. આપણો વ્યવસાય જ ભણાવવાનો હોય છે અને અનુક્રમણિકા સંપૂર્ણ યાદ ન હોય તો પછી વિષયવસ્તુની શું વાત કરવાની? ત્રણ દાયકાથી એક જ વિષયની પીપૂડી વગાડતા હોય અને યાદ ના રહે તો બાળકને આપણે ૮૦% લાવવા માટે કેવી રીતે કહી શકીએ? બોર્ડની પરીક્ષાનું પેપર બાળક આપે છે અને એ જ પેપર આપણું લેવામાં આવે તો કેવી હાલત થાય? નોકરી મળી ગયા પછી એટલી બધી આળસ ઘર કરી ગઈ હોય છે કે વિષયને વાંચવાનું માળીયે મૂકી દીધું હોય છે. બસ પગારની તારીખો જોનારા મહાપુરુષો ક્યારેય સફળ થવાના નથી. કદાચ સીસીટીવી કેમેરા કે સંચાલકો જોવે કે ના જોવે પરંતુ ઉપરવાળો બધું જ જુવે છે. ઘણા બધા સ્ટાફરૂમ તો જાણે લોકસભા અને વિધાનસભા બની જાય છે, જ્યાં શિક્ષણની ચર્ચા કરવાની જગ્યાએ રાજકારણની ચર્ચા થતી હોય છે! વર્ગમાં અસરકારક શિક્ષણ ન આપનારો કહે છે કે દેશના સાંસદો અને વિધાયકો બરોબર કામ કરતા નથી. ભ્રષ્ટાચારી, લોકો પાસેથી ટેક્સ મેળવી જલસા કરે છે. ખાટલે ખોડ છે સાહેબો! આપણે વર્ગમાં ચાણક્યની જેમ શિક્ષણ ના આપ્યું એટલે આવા બધાના નિર્માણ થયા. તેના માટે જવાબદાર તો આંપણે છીએ! સ્ટાફરૂમમાં તંદુરસ્ત શિક્ષણની ચર્ચા થવી જોઈએ. હું બાળક માટે શું કરી શકું તેવી ભાવના જન્મે એટલે સમજી લેવાનું કે તમે શ્રેષ્ઠ શિક્ષક છો.

ગાંધી વિદ્યાલય અસારવામાં મોટાભાગે પટણી, ઠાકોર, મુસલમાન અને અનુસૂચિત જાતિના ગરીબ બાળકો અભ્યાસ કરવા આવે છે. આ બાળકો અનિયમિત અને ભણવામાં કશું જ નહોતા. ધોરણ નવ અને દસ બંને વર્ગના ૫૦% બાળકોને કક્કો, બારાક્ષરી, એકા થી વીસા સુધી કડક વલણ દાખવી મારા સંપૂર્ણ સ્ટાફે જોરદાર મહેનત કરી અને વિદ્યાર્થીઓને અક્ષર જ્ઞાન પ્રાપ્ત થયું છે. દિવાળી પછી તેમને એસએસસી બોર્ડમાં પાસ કઈ રીતે થવું તે શીખવવામાં આવશે જેથી તેમનું વર્ષ બગડે નહી. નિયમિતતા નિર્માણ કરવા માટે કેટલાક વિદ્યાર્થીઓને કડક સજા કરીને પરિસ્થિતિ બદલવા માટે હું અને મારો સ્ટાફ સતત પ્રયાસ કરી રહ્યા છીએ. ક્યાં સુધી વાલીઓ રીક્ષા ચલાવશે અને શાકભાજી વેચશે. વિદ્યાર્થીઓમાં નૈતિક જુસ્સો અને તેમનામાં પડેલી આંતરિક શક્તિને જગાડવા પ્રયાસ ચાલુ છે. ધીમે ધીમે પરિવર્તનનો પવન ફૂંકાયો છે. મેં નક્કી કર્યું છે પરિસ્થિતિ બદલવી છે. મને આટલો બધો પગાર મળતો હોય તો મારે કાર્ય કરવું જોઈએ. મારા સ્ટાફ મિત્રો મારી પડખે છે. હું તેમની સાથે છું. હું પોતે તેવા બાળકોને ભણાવવા જાઉં છું. શરૂઆત આપણાથી કરવી પડશે તો જ સાચો શિક્ષક દિવસ ખીલશે.

રાજ્યના શિક્ષક મિત્રોને શિક્ષક દિવસની શુભકામના. આપ તો સમાજના ઘડવૈયા છો, તમારી આંતરિક શક્તિને બાળકો સન્મુખ વહાવી દેજો. એક દિવસ જ્ઞાનનો મહાસાગર ઉભરાઈ જશે. બાળકો માટે કરેલી સેવા એ ચારધામની યાત્રાથી ઓછી નથી. પરિસ્થિતિને પરિવર્તનમાં ફેરવવાની નૈતિક તાકાત મા સરસ્વતીએ આપ સૌને આપી છે. કર્મને ધર્મ સમજી શ્રેષ્ઠ શિક્ષણ આપીએ તે જ દિપક છે. બાકી અંધારું છે. શિક્ષકોને ચરણ વંદના કરું છું.

■ Mo.9825702282

# પાચનશક્તિ વધારનાર કેરડો અને તેનું સ્વાદિષ્ટ અથાણું

કેરડાનું અથાણું બનાવીને લોકો ખાતા હોય છે. કેરડાને સંસ્કૃતમાં કરીર, હિન્દીમાં કરીલ તથા લેટીનમાં **CAPPARIS DECIDUA** અને અંગ્રેજીમાં **CAPER BERRIES** તરીકે ઓળખવામાં આવે છે. ગુલ્મ પ્રકારની આ વનસ્પતિનાં મધ્યમ કદનાં ઝાડ સૂકાં- ગરમ રેતાળ પ્રદેશો જેમકે કચ્છ-સૌરાષ્ટ્ર(ગુજરાત), મથુરા, ખાનદેશ, રાજસ્થાન વગેરેમાં વધુ થાય છે. વટાદિ વર્ગની, વરૂણ કુળની આ ગુલ્મ પ્રકારની વનસ્પતિ ખાસ સૂકી-કાંકરાળ ભૂમિમાં વધુ થાય છે. તેના ઝાડ ૪ થી ૧૦ ફુટ તો કોઈક સ્થળે ૨૦ ફુટ સુધીના પણ થાય છે. વચ્ચેનું થડ પ્રાયઃ સીધુ અને તેની છાલ અર્ધો ઈંચ જાડી, ધૂળીયા રંગની, ઉભા, લાંબા ચીરાવાળી હોય છે. તેની શાખા- પ્રશાખા પર ચણીબોરડી પર હોય તેવા બે- બે કાંટા એક સાથે ખૂબ હોય છે. આ ઝાડ પર પાન હોતાં નથી. જે હોય છે તે ખૂબ સૂક્ષ્મ હોય છે. તેની પર સુંદર ગુલાબી રંગના ખૂબ નાનાં ફૂલો પ્રાયઃ ગુચ્છામાં વસંતમાં આવે છે. આ ફુલોનું મધમાખીઓ અને ભમરા મધ બનાવે છે. ઝાડ ઉપર ઉનાળામાં વટાણા જેવડા મોટા, નાનાં લીલા રંગના ફળ (કેરડા) આવે છે. જેમ તાપ પડે તેમ તેમાં કડવાશ-ખટાશ- મીઠાશ- તીખાશ વધે છે. ખૂબ પાકાં ફળ લાલ કે કાળા રંગના થાય છે. ફળમાં ખૂબ સુક્ષ્મ અનેક બીજ હોય છે. કેરડાનું અથાણું ખૂબ સ્વાદિષ્ટ લાગે છે. તેનાં ફૂલનું શાક તથા અથાણુ થાય છે. કેરડાના વૃક્ષની ખેતર ફરતે વાડ કરવાથી ખેતરનું રક્ષણ પણ થાય છે તથા ખેડૂત તેમાંથી પૂરક આવક મેળવી શકે છે. કેરડોઃ સ્વાદે તીખો- તૂરો, ગરમ, રૂચિકર, સ્વાદિષ્ટ, દોષ ભેદનાર, પાચનકર્તા, ઉત્તેજક, કડવો, પૈષ્ટિક, પરસેવો લાવનાર, શ્વાસ, સોજો, હૃદયની નબળાઈ અને ત્વચારોગનાશક છે. કેરડાં(ફળ) સ્વાદે કડવા, તીખાં, તૂરાં, મધુર, લુખા, ગરમ, વિકાસી, ગ્રાહી, કફ- પિતનાશક, હૃદય માટે હિતકર અને મુખશુધ્ધ કરનાર છે.



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, હોમસાયન્સ
ચિલ્ડ્રન્સ યુનિવર્સીટી, ગાંધીનગર

કેરડાનું અથાણું (કેરડા**pickle**) ખૂબ જ સ્વાદિષ્ટ અને પરંપરાગત ગુજરાતી અથાણું છે. બનાવવાની સરળ રીતઃ

સામગ્રી **(Ingredients)**: ● કેરડા – ½ કિલો (સાફ કરી નાના કાપેલા) ● મીઠું – સ્વાદ મુજબ (લગભગ ૩-૪ ટેબલસ્પૂન) ● હળદર પાઉડર – ૧ ટીસ્પૂન ● મરચું પાઉડર – ૨–૩ ટેબલસ્પૂન ● મેથીનો દળેલો પાઉડર – ૧ ટેબલસ્પૂન ● રાયનો દળેલો પાઉડર – ૨ ટેબલસ્પૂન ● હીંગ – ½ ટીસ્પૂન ● સરસવનું તેલ – ૧ કપ (ગરમ કરી ઠંડું કરેલું) ● લીલા મરચાં (ઐચ્છિક) – ૮–૧૦ ● લીંબુનો રસ – ૨–૩ લીંબુ. બનાવવાની રીત (**Method**): ૧. કેરડા સાફ કરવાં:

● કેરડા ધોઈને સાફ કરી બે ભાગમાં કે નાની ટુકડીઓમાં કાપો. ● તેમાં મીઠું અને હળદર મિક્સ કરી ૬–૮ કલાક કે આખી રાત ઢાંકી રાખો જેથી કડવાશ ઘટે.

૨. પાણી છાંટવું: ● બીજા દિવસે કેરડામાંથી પાણી નીકળી જશે. તેને સારી રીતે છાંટીને સુકવી લો.



૩. મસાલો તૈયાર કરવો: ● એક વાટકીમાં મરચું પાઉડર, મેથીનો પાઉડર, રાયનો પાઉડર અને હીંગ મિક્સ કરો. ● તેમાં લીંબુનો રસ ઉમેરો.

૪. તેલ ગરમ કરવું: ● સરસવનું તેલ ગરમ કરીને ઠંડુ કરો. ● હવે મસાલામાં થોડું તેલ ઉમેરી મિક્સ કરો.

૫. કેરડા અને મસાલો મિક્સ કરવો: ● હવે સુકવેલા કેરડા મસાલામાં ઉમેરી સારી રીતે મિક્સ કરો. ● ઉપરથી બચેલું તેલ ઢોળી દો જેથી અથાણું તેલમાં ડૂબેલું રહે. ૬. સંગ્રહ: ● અથાણું સાફ કાચની બરણીમાં ભરો. ● ૩–૪ દિવસ સુધી રોજ ચમચાથી હલાવો જેથી મસાલો સારી રીતે ભળી જાય. ● પછી ખાવા માટે તૈયાર છે.

hemangidmehta@gmail.com

| કેરડાનું પોષણ મૂલ્ય પ્રતિ ૧૦૦ ગ્રામ | |
|---|---|
| શક્તિ | 23 kcal |
| કાર્બોદિત પદાર્થો | 5 g |
| શર્કરા | 0.4 g |
| રેષા | 3 g |
| ચરબી | 0.9 g |
| નત્રલ (પ્રોટીન) | 2 g |
| થાયામીન(બી ૧) | 0.0018 g |
| રીબોફ્લેવીન (બી ૨) | 0.139 g |
| નાયેસીન(બી ૩) | 0.652 g |
| પેન્ટોથેનિક એસિડ (બી ૫) | 0.027 g |
| વિટામિન બી૬ | 0.023 g |
| ફોલેડ (બી ૯) | 23 ug |
| વિટામિન સી | 4 mg |
| વિટામિન ઈ | 0.88 mg |
| વિટામિન કે | 24.6 ug |
| કેલ્શિયમ | 40 mg |
| લોહતત્વ | 1.7 mg |
| સોડિયમ | 2960 mg |

# બોસ, ઘરવાળી બહું કચ કચ, કચ કચ કરે છે



આજે બકો બોલે એ પહેલાં બેરાલાલે શરુઆત કરી.

'બોસ, ઘરવાળી બહું કચ કચ, કચ કચ કરે છે. કોઈ રસ્તો? કોઈ ઉપાય?'

'બેરાલાલ! આ સમસ્યા ઓલ ઓવર છે. આમાં હું કાંઈ કરી શકું એવી શક્યતા ઓછી છે. અને હાં, એક રસ્તો છે. જમણાં કાને સાંભળીને ડાબા કાને કાઢી નાંખો. સહેલાંમાં સહેલો રસ્તો આ છે. અને મોટાં ભાગનાં ભાયુએ આ રસ્તો અપનાવી લીધો છે.

જો, તમને પણ અનુકૂળ આવે તો કરવાં જેવું ખરું.

પણ, એક વાત કહેવાની રહી ગઈ. તમારે તો કાનપુરમાં હડતાળ છે. તમારે ક્યાં સાંભળવું પડે છે?'

'બોસ, બોસ. તમને શું કહું!? આવાં મેણાં તો જેણે જેણે સહન કર્યા હોય ઈ જ જાણે. બંગડીના ઘા ખમ્યા હોય એને જ ખબર હોય. વાંઢાને શું વલોપાત! કે શું હુંવાણ!! વખાનો માર્યો બીચારો જાય તો જાય પણ ક્યાં? કેટલાંક જાહેરમાં બોલે. અને કેટલાંક મનમાં.બાકી ઘોબા તો હૌને પડ્યાં જ છે.'

'બેરાલાલ એક બીજો રસ્તો ય છે. '

'બોલો બોલો, જલ્દી બોલો. શું રસ્તો છે?'

'રસ્તો તો છે. પણ, જરા જોખમથી ભરેલો છે.'

'બોસ, જોખમ ક્યાં નથી? સંબંધ ના થાય તોય જોખમ. સંબંધ થાય અને હાલક ડોલક થાય તોય જોખમ. લગ્ન ના થાય તોય જોખમ અને લગ્ન થાય તો આવું જોખમ. એટલે હવે તમે જોખમની તો વાત જ હાવ ભૂલી જાવ. જે વાત કરો ઈ તમ તમારે જોખમ સહિતની જ કરો.'



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

'ખાનગીમાં બીજું ઘર ગોતી લ્યો, કરી લ્યો.'

'બોસ બોસ, એકનો માંડ માંડ મેળ પડ્યો છે અને તમે બીજું ગોતવાની વાત કરો છો? ટાંટીયા હારા નરવા રાખવાનાં છે હોં. અને એમ બબ્બે ઘર કરીને કરવાનું શું? આવું હલકું કામ કોણ કરે??'

'તમે ભૂલો છો બેરાલાલ. આપણાં નેતાઓ બબ્બે ત્રણ ત્રણ ઘર કરે જ છે. ગામડે ઘર હોય, ગાંધીનગર જાય તો ન્યાં ઘર હોય અને..એમને કાંઈ વાંધો આવતો નથી.' 'એમની હારે સરકાર હોય, પોલીસ હોય, એમના જેવાં નેતાઓ હોય અને પૈસા હોય એટલે વકીલ તો હોય જ. અને હારે હારે રૂપિયાના બંડલો સળગાવનાર જેવાં જજ પણ હોય. આપણી હારે કોણ હોય? હું, તું ને રતનિયો જેવો ઘાટ થાય.' 'એટલે ! તમારી થોડી થોડી ગણતરી ખરી !'

બેરાલાલને મોઢામાં મોસંબીના ફુવારા ફુટવા લાગ્યા. એ નીચું જોઈ ગયાં.

'ના..ના, તમારી આવી થોડી ઘણી ય ગણતરી હોય તો હું ધારાસભ્ય હારે ઓળખાણ કરાવી દઉં.'

'ખાટલે મોટી ખોડ તો ઈ જ છે. ધારાસભ્ય જ્યાં સુધી સભ્ય હતાં ત્યાં લગણ વાત કરતાં 'તા, ફોન ઉપાડતાં 'તા, હામા મળે તો હાથે 'ય ઉંચો કરતાં 'તા. પણ, જ્યારથી સભ્યમાંથી ધારાસભ્ય બન્યાં છે, ત્યારથી નથી હાંભળતા, નથી ફોન ઉપાડતાં, કે નથી મળતાં!!'

'તો પછી એક કામ કરાય ને !!'

'બોલો બોલો, હવે પાંચ વરહ સુધી આપણે શું કરી શકીએ? જે કરવાનું છે. ઈ જ કરશે. ભેગું કરશે કા ભાગ રાખશે.'

'તમે ભૂલો છો બેરાલાલ. ધારાસભ્ય બદલી નંખાય ને ! એમાં કોણ ના પાડે છે ?'

'તમેય તે શું બોસ. એકવાર ધારાસભ્યને ચૂંથી નાંખ્યો. સોરી..સોરી ! ચૂંટી નાંખ્યો એટલે પાંચ વરહ સુધી સામાન્ય મતદાર જોયા રાખ્યાં વગર કશું જ કરી શકતો નથી. એમાં ધારાસભ્ય બદલવાની વાત ક્યાં આવી!?'

'તમે ટૂંકું ટૂંકું વિચારો છો, બેરાલાલ. મારો કહેવાનો મતલબ એ હતો કે, જો તમે ચૂંટીને ધારાસભામાં મોકલ્યો, ઈ ફોન નથી ઉપાડતો તો, બીજા પક્ષના ધારાસભ્યને પકડી લેવાય !! અત્યારે હંધાયને જરુર જ છે.'

'બીજો પક્ષ એટલે કોણ ? મને કાંઈ હમજણનો ટપો નાં પડ્યો.'

'અત્યારે સૌથી વધારે દોડે છે કોણ ? સૌથી વધારે ચર્ચામાં કોણ છે?'

'લાગે છે તો ઝાડું વાળા. એણે જ કાપો વાળ્યો છે.'

'તો પછી, એમાં ભળી જાવ ! અને ચિંતા કર્યા વગર બીજું ઘર કરી લ્યો.'

'આવું કરવામાં એને જુનાં પક્ષ વાળા જેટલો અનુભવ હશે ? અને આપણે ત્યાં તો આંગળીને વેઢે ગણી શકાય એટલાં જ છે. એમાં ય આવાં હશે ?'

'ધીરે બોલો બેરાલાલ, ધીરે. આજકાલ દિવાલનેય આંખ કાન આવી ગયાં છે. આપણે ત્યાંના ધારાસભ્યની તો ખબર નથી. પણ, એમાં આવાં અનુભવ વાળા જાજા. એટલે તમને હારો સપોર્ટ પણ મળી રહેશે.'

'પણ, બીજું ઘર કરવામાં પકડાઈ ગયાં તો ??'

'તો એમાં જાત -જાતના અનુભવ વાળા છે. પકડાઈ ગયાં તો કેમ ભાગવું? ક્યારે ભાગવું? કોની હારે કેવું સેટીંગ કરવું? ઈ હંધૂય તમને એમાં મળી જાહે.'

'તમારી વાત હાચી. પણ, એકાદ દાખલો તો આપો. મારામાં હિંમત આવે એટલે.'

'જૂઓ હમણાં પંજાબની સનૌર બેઠકનાં એક 'આપ'ના ધારાસભ્ય હરમીત સિંહ, શિયાળ બની ગયાં. મતલબ, એમને એક કરતાં વધારે પત્નીઓ હતી. એમાં એકે બળાત્કારની ફરિયાદ નોંધાવી. 'પઠાણ માજરા' પોલીસ સ્ટેશનમાંથી ઘોડા છૂટ્યાં.

અને ઠેક -ઠેકાણે શોધવાથી એ સિંહ મળી ગયો. પણ, એમણે એમનો જુનો અનુભવ કામે લગાડ્યો. પોલીસ કસ્ટડીમાંથી જ એમણે ફાયરિંગ કર્યુ અને કરાવ્યું. કેટલાંક પોલીસવાળાને ઘાયલ કર્યા, કેટલાંકને કચડીને ગાડી મારી મૂકી અને એ શિયાળ બની ભાગી ગયો. (કદાચ! પોલીસ વાળાએ આવું કરાવ્યું હોય ?) પણ, સરવાળે એ ગુમ થઈ ગયો. હજી મળ્યો નથી.

નિયમ તોડવા વાળા તો નિયમ તોડતાં જ હતાં. આ તો નિયમ બનાવવા વાળા ધારાસભ્યે જ નિયમ તોડ્યો. આવું કદાચ ! પંજાબની 'આપ "સરકારે પહેલીવાર કર્યું હશે.

kalubhaibhad123@gmail.com

# શ્રાદ્ધકર્મ માટે શ્રદ્ધાવંતુ : ગયા



ભાદરવા સુદ પૂનમથી વદ અમાસ સુધી પિતૃપક્ષ ઊજવાય છે. વૈદિક પરંપરા અને હિંદુ માન્યતા પ્રમાણે પિતૃ શ્રાદ્ધ ખૂબ પુણ્યકર્મ મનાય છે. આ પુણ્યકર્મ માટે તો દેવતાએ પણ મનુષ્યોને ધરતી પર જગા આપી છે. જેમાં એક જગા છે...ગયા. જ્યાં શ્રાદ્ધ- તર્પણ કરવાથી પિતૃઓને મોક્ષ મળે છે. મહાભારતમાં જેનું વર્ણન છે, એવા ગયામાં ધર્મરાજ યમ, બ્રહ્મા, શિવ તથા વિષ્ણુનો વાસ મનાય છે. વાયુપુરાણમાં પ્રેત પર્વતનો ઉલ્લેખ છે, એવું મનાય છે કે, ભગવાન રામ-લક્ષ્મણે પિતા દશરથનું શ્રાદ્ધ અહીં કર્યું હતું. આ પર્વત પર રામ, લક્ષ્મણ, સીતાએ પહોંચીને પિતા દશરથનું શ્રાદ્ધ કર્યું હતું. આ પર્વત પર બ્રહ્માના અંગૂઠાથી બનાવેલી બે રેખા આજે પણ જોઈ શકાય છે. પિંડદાનીઓના કર્મકાંડને પૂર્ણ કર્યા બાદ આ વેદી પર પિંડ અર્પણ કરવામાં આવે છે. પ્રેતશિલાનું નામ પ્રેતપર્વત હતું, પરંતુ ભગવાન રામે અહીં પિંડદાન કર્યું તે પછી આ સ્થાનનું નામ પ્રેતશિલા થયું. આ શિલા પર યમરાજનું મંદિર, શ્રીરામ દરબાર(પરિવાર) દેવાલય સાથે શ્રાદ્ધ કર્મ સંપન્ન કરવા રૂમ બનેલાં છે.

ગયાથી આશરે ૧૦ કિ.મી.ના અંતરે પ્રેતશિલા પર્વત આવેલો છે. જે ગયા ધામના વાયવ્ય ખૂણે ઉત્તર-પશ્ચિમ દિશામાં આવેલો છે. આ પર્વતના શિખર પર પ્રેતશિલા નામની વેદી છે, જોકે આખો પર્વતીય પ્રદેશ પ્રેતશિલાના નામે ઓળખાય છે.

આ પ્રેત પર્વતની ઊંચાઈ આશરે ૯૭૫ ફૂટ છે. પર્વત ચઢવામાં સક્ષમ લોકો ૪૦૦ દાદરા ચઢી પ્રેતશિલા વેદી પર પિંડદાન કરવા જઈ શકે છે. જે લોકો ત્યાં જઈ શકતાં નથી તેઓ પર્વત નીચે તળાવ કિનારે કે શિવ મંદિરમાં શ્રાદ્ધ કર્મ કરે છે. પ્રેતશિલા વેદી પર શ્રાદ્ધકર્મ કરવાથી કોઈ કારણસર અકાળ મૃત્યુના કારણે પ્રેતયોનિમાં ભટકતાં પ્રાણીઓને પણ મુક્તિ મળે છે. વાયુ પુરાણમાં તેનું વર્ણન છે. પ્રેતશિલાના મૂળભાગ એટલે પર્વતની નીચે બ્રહ્મ કુંડમાં સ્નાન-તર્પણ પછી શ્રાદ્ધનું વિધાન છે. જે અંગે કહેવાયું છે કે, તેનો પ્રથમ સંસ્કાર બ્રહ્માજી દ્વારા કરાયો હતો. શ્રાદ્ધ પછી પિંડને બ્રહ્મ કુંડમાં સ્થાન આપી પ્રેત પર્વત પર જાય છે. ત્યાં શ્રાદ્ધ અને પિંડદાન કરવાથી પિતૃઓને પ્રેત યોનિમાંથી મુક્તિ મળે છે.

વાયુ પુરાણ પ્રમાણે અકાળ મૃત્યુ પામેલા લોકોના અહીં શ્રાદ્ધ-પિંડદાનનું ખાસ મહત્ત્વ છે. આ પર્વત પર પિંડદાન કરવાથી અકાળ મૃત્યુ પામનારા પૂર્વજો સુધી પિંડ સીધું પહોંચે છે. જેથી તેમને કષ્ટદાયી યોનિમાંથી મુક્તિ મળે છે. આ પર્વત પ્રેતશિલા ઉપરાંત પ્રેત પર્વત, પ્રેતકળા તથા પ્રેતગિરિના નામે ઓળખાય છે. પ્રેતશિલા પહાડીના શિખર પર એક ચટ્ટાન છે. જેના પર બ્રહ્મા, વિષ્ણુ, મહેશની મૂર્તિઓ બનેલી છે. શ્રદ્ધાળુઓ દ્વારા પહાડના શિખર પર સ્થિત આ ચટ્ટાનની પરિક્રમા કરી તેના પર સત્તુથી બનેલું પિંડ ઉડાડાય છે. પ્રેતશિલા પર સત્તુથી પિંડદાનની પરંપરા જૂની છે. આ ચટ્ટાનની ચારેય બાજુ ૫ થી ૯ વાર પરિક્રમા કરી સત્તુ ચઢાવવાથી અકાળ મૃત્યુમાં મરેલાં પૂર્વજોને પ્રેત યોનિમાંથી મુક્તિ મળે છે. મૃતાત્માઓને મુક્તિ મળે તે માટે આશરે ૯૭૫ ફૂટ ઊંચી પ્રેતશિલા પર પિંડદાન કરાય છે, અહીં યમરાજનું મંદિર પણ છે.

પ્રવાસનામા
જયસ્વી પટેલ



વાયુપુરાણ, ગરુડ પુરાણ અને મહાભારતના ગ્રંથોમાં ગયાનો ઉલ્લેખ છે. કહેવાય છે કે, ગયામાં શ્રાદ્ધકર્મ અને તર્પણકર્મ માટે પ્રાચીન સમયમાં વિવિધ નામની ૩૬૦ વેદી હતી, જ્યાં પિંડદાન કરાતું હતું. તેમાંથી હવે ૪૮ જ બાકી રહી છે. વર્તમાનમાં આ જ વેદીઓ પર પિતૃ તર્પણ અને પિંડદાન કરાય છે. અહીંની વેદીઓમાં વિષ્ણુપદ મંદિર, ફલ્ગુ નદી તટે અને અક્ષયવટ પર પિંડદાન કરવું શુભ મનાય છે. આ સિવાય વૈતરણી, પ્રેતશિલા, સીતાકુંડ, નાગકુંડ, પાંડુશિલા, રામશિલા, મંગળાગૌરી, કાગબલિ વગેરે પિંડદાનની મુખ્ય જગા છે. આ વેદીઓમાં પ્રેતશિલા મુખ્ય છે. હિંદુ સંસ્કારોમાં પંચતીર્થ વેદીમાં પ્રેતશિલાની ગણના કરાય છે.

sanjogpurti@gmail.com

# દાણો ગબડ્યો



"અરે વાહ! લાગે છે ખેતરમાં એક મોટો લાલ દાણો પડ્યો છે. આજે તો મને બહુ જલદી જલદી દાણો જડી ગયો. લાવ ત્યારે દાણો લઉં ને પાછી માળામાં જાઉં." - એમ વિચારતાં ચકુ ચકલી સરરર કરતી નીચે ખેતરમાં ઊતરી. ચકુ બહુ જ નટખટ અને કામગરી હતી. આખો દિવસ એ ચીં... ચીં... ચીં... કરતી ફરતી રહે ને ખોરાક શોધતી રહે.

એક દિવસ સવાર સવારમાં ચકુ દાણાની શોધમાં નીકળી. ઊડતાં ઊડતાં એની નજર ખેતરમાં પડેલા એક સરસ મજાના લાલ દાણા પર પડી. દાણો જોતાં જ ચકુની આંખો ચમકી. આટલો સુંદર દાણો તેણે ક્યારેય જોયો નહોતો. તે તરત જ નીચે ઊતરી અને દાણાને ચાંચમાં લેવા પ્રયત્ન કરવા લાગી.

પણ દાણો જરા મોટો અને ભારે હતો એટલે ચકુની ચાંચમાં આવતો નહોતો. ચકુએ દાણાને પકડવા ઘણા પ્રયત્નો કર્યા, પણ દાણો જરાય હલ્યો નહીં. ચકુએ દાણાને એક બાજુથી ધક્કો લગાવ્યો, બીજી બાજુથી લગાવ્યો, પણ દાણો ન હલ્યો તે ન જ હલ્યો. ચકુ થાકીને એક બાજુમાં બેસી ગઈ અને વિચારવા લાગી, 'અરે આ દાણો તો હલતોય નથી. દાણો તો જબરો ભારે હોં! હવે હું શું કરું તો આ દાણો મને મળે!'



રે વાર્તા!
મનીષ સુથાર

એવામાં કીટ્ટુ કીડી ત્યાંથી પસાર થઈ. કીડીએ ચકુને ઉદાસ જોઈને પૂછ્યું, 'ચકુબેન ચકુબેન, તમે કેમ આમ ઉદાસ છો?'

ચકુએ કહ્યું, 'જો ને આ લાલ દાણો! મને મળી તો ગયો, પણ મારાથી હલતોય નથી કે ઊંચકાતો નથી. મને ખુબ ભૂખ લાગી છે. મારે માળામાં જઈને મારા બચ્ચાંને પણ ખવડાવવાનું છે. પણ આ દાણો મારી ચાંચમાં જ નથી આવતો.'

કીટ્ટુએ હસીને કહ્યું, 'બસ, આટલી જ વાત? અરે ચકુબેન તમે જરાય ચિંતા ન કરશો. ચાલો હું તમને થોડી મદદ કરું. આપણે બંને ભેગા મળીને પ્રયત્ન કરીએ.'

કીટ્ટુની વાત સાંભળી ચકુ રાજીરાજી થઈ ગઈ. એણે તરત કહ્યું, "ચાલો ત્યારે, આપણે દાણાને જોરથી ધક્કો લગાવીએ."

કીટ્ટુએ કહ્યું, 'હા હા! કેમ નહીં! તમે એક બાજુથી દાણાને ચાંચથી પકડો અને હું બીજી બાજુથી ધક્કો મારું છું.'

બંનેએ સાથે મળીને દાણાને ધક્કો મારવાનું શરૂ કર્યું. ચકુએ ચાંચથી દાણાને પકડ્યો અને કીડીએ પાછળથી દાણાને ધકેલ્યો. બંનેના પ્રયત્નો સફળ રહ્યા. ધીરે ધીરે દાણો હલ્યો અને ગબડયો. થોડી જ વારમાં દાણો ખેતરની બહાર આવી ગયો. ચકુ રાજીરાજી થઈ ગઈ. એને થયું, 'હાશ! હવે મને ને મારાં બચ્ચાંને ખાવાનું મળશે ખરું!'

ચકુએ કીટ્ટુનો આભાર માન્યો અને તે ચાંચમાં દાણો લઈને ઊડી ગઈ.

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# દામનગરમાં ફરી લંપી રોગનો હાહાકાર: ત્રણ વાછરડાઓમાં જોવા મળતાં પશુપાલકોમાં ફફડાટ

**ત્રણ વર્ષ બાદ રોગચાળો ફરી વળ્યો, પશુ ડોક્ટર દ્વારા પશુપાલકોને સાવચેત રહેવા અપીલ**

દામનગર, તા.૦૯



ત્રણ વર્ષ પહેલાં અસંખ્ય ગૌધનના મૃત્યુનું કારણ બનેલો લંપી રોગ ફરી દામનગર શહેરમાં જોવા મળતાં પશુપાલકોમાં ફફડાટ ફેલાયો છે. છેલ્લા પાંચેક દિવસથી અહીંના વાછરડાઓ અને વાછરડીઓમાં લંપી રોગની ગાંઠો નીકળી હોવાના કિસ્સા નોંધાયા છે, જેના કારણે સ્થાનિક પશુપાલકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. ત્રણ વર્ષ પહેલાં જ્યારે આ રોગ ફાટી નીકળ્યો હતો, ત્યારે સરકારી તંત્ર, સામાજિક સંસ્થાઓ અને પશુપ્રેમીઓએ સાથે મળીને આ પડકારનો સામનો કર્યો હતો. હવે ફરીથી આ રોગનો પ્રકોપ શરૂ થતાં દામનગરમાં દોડધામ મચી ગઈ છે. હાલમાં પશુ ડૉક્ટર હિરેનભાઈ વાઘેલા દ્વારા અસરગ્રસ્ત વાછરડાઓની સારવાર કરવામાં આવી રહી છે. આ સાથે, દામનગરના ગૌસેવકો પણ આ બીમાર પશુઓની સેવા કરી રહ્યા છે. માહિતી મુજબ, હાલમાં ત્રણ વાછરડાઓની સારવાર ચાલી રહી છે, જ્યારે એક વાછરડીનું મૃત્યુ થયું હોવાનું જાણવા મળ્યું છે.

# પ્રધાનમંત્રી દ્વારા હિમાચલ પ્રદેશમાં પૂરગ્રસ્ત વિસ્તારો માટે ૧૫૦૦ કરોડ રૂપિયાની સહાયની જાહેરાત

શિમલા,તા.૦૯



પ્રધાનમંત્રીએ પહેલા હિમાચલ પ્રદેશના પૂરગ્રસ્ત વિસ્તારોનો હવાઈ સર્વે કર્યો. આ પછી, પ્રધાનમંત્રી મોદીએ કાંગડામાં એક સત્તાવાર બેઠક યોજી હિમાચલ પ્રદેશમાં થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા તેમજ રાહત અને પુનર્વસન પગલાંની સમીક્ષા કરીને હિમાચલ પ્રદેશ માટે ૧૫૦૦ કરોડ રૂપિયાની નાણાકીય સહાયની જાહેરાત કરી. એસડીઆરએફ અને પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો બીજો હપ્તો અગાઉથી જારી કરવામાં આવશે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મંજૂરીઓ, રાષ્ટ્રીય ધોરીમાર્ગોનું નવીનીકરણ, પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળ હેઠળ રાહતની જોગવાઈ અને પશુધન માટે મીની કીટ પણ જારી કરવામાં આવશે. કૃષિ સમુદાયને સહાય પૂરી પાડવાની મહત્વપૂર્ણ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને, ખાસ કરીને એવા ખેડૂતોને વધારાની સહાય પૂરી પાડવામાં આવશે જેમની પાસે હાલમાં વીજળી જોડાણો નથી. કેન્દ્ર સરકારે નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે હિમાચલ પ્રદેશની મુલાકાત લેવા માટે આંતર-મંત્રી કેન્દ્રીય ટીમો મોકલી દીધી છે અને તેમના વિગતવાર અહેવાલના આધારે વધુ સહાય પર વિચારણા કરવામાં આવશે. પ્રધાનમંત્રી મોદીએ પૂર અને કુદરતી આફતોમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારોને ૨ લાખ રૂપિયા અને ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને ૫૦,૦૦૦ રૂપિયાની સહાયની પણ જાહેરાત કરી.

# મહારાષ્ટ્રમાં અનામત પર રાજકારણ તેજ, મરાઠા સમુદાય પછી બીજા સમુદાયોએ પણ કરી માંગ

મુંબઈ,તા.૦૯

મહારાષ્ટ્રમાં અનામત અંગે વિવિધ સમુદાયોનું આંદોલન તેજ બન્યું છે. મરાઠા અનામત આંદોલન પછી, સરકારે મરાઠા સમુદાયની માંગણીઓ સ્વીકારી લીધી છે, જેના પછી વિવિધ સમુદાયો તરફથી અવાજ ઉઠવા લાગ્યો છે.ઓબીસી સમુદાય આક્રમક બન્યો છે, અન્ય સમુદાયો પણ વિવિધ રીતે તેમની માંગણીઓ રજૂ કરી રહ્યા છે. આ સમુદાયોમાં ધનગર, બંજારા, ST અને NT સમુદાયોનો સમાવેશ થાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હૈદરાબાદ ગેઝેટિયરમાં બંજારા સમુદાયનો ઉલ્લેખ અનુસૂચિત જનજાતિ શ્રેણીમાં કરવામાં આવ્યો છે. આ આધારે, મુંબઈમાં યોજાયેલી સર્વપક્ષીય બેઠકમાં, બંજારા સમુદાયના નેતાઓએ એસટી શ્રેણીમાંથી અનામતની માંગણી ઉઠાવી હતી. આ બેઠકમાં મંત્રી સંજય રાઠોડ અને અન્ય ધારાસભ્યો પણ હાજર રહ્યા હતા.

# અમરેલીના આંબા અને નાના ગોખરવાળા ગામમાં થયેલી ચોરીનું રીકન્સ્ટ્રક્શન કરાયું

**લીલીયા પોલીસે ઘરફોડ ચોરીના આરોપીઓને પકડ્યા : રૂ.૧.૦૫ લાખનો મુદ્દામાલ જપ્ત**

લીલીયા, તા.૦૯



લીલીયા પોલીસ ટીમે આંબા અને અમરેલીના નાના ગોખરવાળા ગામમાં થયેલી ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈને ચોરીનું રીકન્સ્ટ્રક્શન પણ કરાવ્યું હતું. આ ચોરીમાં કુલ રૂ.૮,૭૧,૦૦૦ની મત્તાની ચોરી થઈ હતી, જેમાંથી રૂ.૧,૦૫,૮૧૦નો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો છે. આ ચોરીની ફરિયાદ ખોડાભાઈ રવજીભાઈ સાવજે લીલીયા પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. ફરિયાદ અનુસાર, ૨૯ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ તેમના બંધ રહેણાંક મકાનમાંથી રોકડ રકમ અને સોના-ચાંદીના દાગીના સહિત કુલ રૂ.૮,૭૧,૦૦૦ની ચોરી થઈ હતી. બાદમાં તપાસમાં કુલ રૂ.૫,૯૭,૫૦૦નો મુદ્દામાલ ચોરી થયો હોવાનું જણાયું હતું.

# બિહાર ચૂંટણી પહેલા આંગણવાડી કાર્યકરોના માનદ વેતનમાં વધારો કરતા નીતિશ કુમાર

(એચ.એસ.એલ),પટણા,તા.૯

બિહારમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા રાજ્યમાં રાજકીય હલચલ તેજ થઈ ગઈ છે. NDA અને મહાગઠબંધનમાં બેઠકોની વહેંચણીની ચર્ચા ચાલી રહી છે. અમુક હદ સુધી, બંને ગઠબંધનોમાં બેઠકો પર પણ સર્વસંમતિ બની છે. દરમિયાન, બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે 'A' ની ભૂમિકા ભજવી છે. 'એ' એટલે કે ચૂંટણી પહેલા આંગણવાડી કાર્યકરોની યુક્તિ. નીતિશ કુમારે આંગણવાડી કાર્યકરો અને સહાયકોના માનદ વેતનમાં વધારો કરીને એક જ તીરથી લાખોનું લક્ષ્ય હાંસલ કર્યું છે. એક મીડિયા રિપોર્ટ મુજબ, બિહારમાં હાલમાં ૧.૧૫ લાખ આંગણવાડી કેન્દ્રો છે. આ કેન્દ્રોમાં ૧.૨ લાખથી વધુ આંગણવાડી કાર્યકરો સક્રિય છે. નીતિશ કુમારના માનદ વેતન વધારાથી લગભગ ૨.૧૦ લાખ કાર્યકરો અને સહાયકોને ફાયદો થશે. મતદાતાના દૃષ્ટિકોણથી જોવામાં આવે તો, આ ખૂબ મોટો આંકડો છે.

# રાજકોટ-દિવ ગુર્જર નગરી એક્સપ્રેસ બસમાં વારંવાર વિલંબ, મુસાફરોને થતી ભારે મુશ્કેલી

રાજકોટ,તા.૦૯



રાજકોટ એસ.ટી. ડેપોની બેદરકારીને કારણે છેલ્લા કેટલાક સમયથી રાજકોટ-દિવ ગુર્જર નગરી એક્સપ્રેસ બસ રોજ અડધો કલાકથી વધુ મોડી ઉપડતી હોવાથી મુસાફરોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. આ બસનો નિર્ધારિત સમય બપોરે ૧૧:૪૫નો છે, પરંતુ નિયમિત રીતે ૧૨:૩૦ થી ૧:૦૦ વાગ્યાની આસપાસ ઉપડે છે. કારણ એ જણાવાય છે કે, રાજકોટ વર્કશોપમાં બસ મેન્ટેનન્સ અને સફાઈમાં વધુ સમય વપરાઈ જાય છે, જેના કારણે ડેપોથી મોડું રવાના થવું પડે છે. રાજકોટ એસ.ટી. અધિકારીઓ બસ સંપૂર્ણ ધોઈને જ રવાના કરવાના આગ્રહ પર રહે છે, જેના કારણે સમયસર પ્રસ્થાન થતું નથી. રાજકોટથી જેતપુર માર્ગની પરિસ્થિતિને કારણે બસ વધુ એક કલાક મોડી પહોંચે છે. પરિણામે કોડીનાર સાંજે સાડા સાત વાગ્યે બસ પહોંચતા ગ્રામ્ય વિસ્તારોને જોડતી બસ ચૂકી જાય છે. ઘણા મુસાફરો, ખાસ કરીને દવાખાને જતા લોકો, પ્રાઈવેટ વાહનોનો સહારો લેતા હોય છે. આ સમસ્યાને લઈને ધારાસભ્ય પ્રદ્યુમનભાઈ વાજા સમક્ષ રજૂઆત પણ થઈ છે.

# ગીરગઢડાના નગડીયામાં સબમર્સિબલ અને સર્વિસ વાયરની ચોરીનો ભેદ ઉકેલાયો

ગીરગઢડા,તા.૦૯



ગીરગઢડા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર વી. એન. મોરવાડિયાની સૂચના મુજબ ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે એએસઆઈ ભરતભાઈ રામને મળેલી બાતમીના આધારે ચોરીના ગુનામાં શકમંદ ઈસમની અટકાયત કરી હતી. આ શકમંદ જયસુખભાઈ ઉર્ફે બકુલ બાલુભાઈ ચુડાસમા (રહે. ધોકડવા) આરોપી એ ૧૩/૮/૨૦૨૫ ના રાત્રીના એકાદ વાગ્યાના અરસામાં નગડીયા ગામની વાડીના મકાનમાં સાંકળ તોડીને તેમાં રાખેલ એક સાડા સાત કે.વી ની સબમર્સીબલ ઈલેક્ટ્રીક મોટર તથા ૧૫૦ ફુટ સર્વિસ વાયરની ચોરી કરી હોવાની કબૂલ્યું હતું. પોલીસે તેની પાસેથી આ ગુન્હામાં ચોરીના સામાનની હેરફેર કરવા માટે ઉપયોગમાં લીધેલી મોટર સાયકલ સહિત મો. સા કિંમત રૂ. ૨૦,૦૦૦, મોટરની કિંમત રૂ. ૧૫૦૦૦ તથા વાયરની કિંમત રૂ. ૫૦૦૦ કુલ મળી રૂ. ૪૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી આરોપી સામે કાર્યવાહી કરી હતી.

# DLSS સોમનાથ એકેડેમીના જુડો ખેલાડીઓનો ડંકો: ૬૯મા શાળાકીય રમત મહોત્સવમાં ૪૪ મેડલ જીત્યા

ગીર સોમનાથ,તા.૦૯




તાજેતરમાં કોડીનાર ખાતે યોજાયેલા ૬૯મા શાળાકીય રમત મહોત્સવમાં ડીએલએસએસ સોમનાથ એકેડેમીના જુડો ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કરીને શાળાનું ગૌરવ વધાર્યું છે. શાળાના ખેલાડીઓએ વિવિધ કેટેગરીમાં કુલ ૪૪ મેડલ જીતીને પોતાની પ્રતિભાનો પરિચય આપ્યો છે.આ સ્પર્ધામાં અંડર-૧૪ ભાઈઓએ ૧૪ મેડલ (૬ ગોલ્ડ, ૫ સિલ્વર, ૩ બ્રોન્ઝ), અંડર-૧૪ બહેનોએ ૧૨ મેડલ (૪ ગોલ્ડ, ૬ સિલ્વર, ૨ બ્રોન્ઝ), અંડર-૧૭ ભાઈઓએ ૮ મેડલ (૬ ગોલ્ડ, ૨ બ્રોન્ઝ), અંડર-૧૭ બહેનોએ ૩ ગોલ્ડ મેડલ, અંડર-૧૯ ભાઈઓએ ૬ મેડલ (૫ ગોલ્ડ, ૧ બ્રોન્ઝ) અને અંડર-૧૯ બહેનોએ ૧ ગોલ્ડ મેડલ મેળવ્યા છે.ખેલાડીઓની આ સિદ્ધિ બદલ સોમનાથ એકેડેમીના પ્રમુખ કરસનભાઈ સોલંકી, જિલ્લા રમત વિકાસ અધિકારી કાનજીભાઈ ભાલીયા અને શાળા પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા છે.

# સોમનાથ એકેડમીની ટીમ જિલ્લા કક્ષાની વોલીબોલ સ્પર્ધામાં વિજેતા

ગીર સોમનાથ,તા.૦૯



તસવીર : ધર્મેશ પાઠક

સોમનાથ એકેડમીની ભાઈઓની બે ટીમ સરખડી ખાતે યોજાયેલી જિલ્લા કક્ષાની U-14,U-17 વોલીબોલ સ્પર્ધામાં વિજેતા બની છે. જેથી શાળા પરિવાર વતી સોમનાથ એકેડેમીના ટ્રસ્ટી કરસનભાઈ સોલંકી, કાનજીભાઈ ભાલીયા, ડી.એલ.એસ.એસ. મેનેજર રણજીતભાઈ દાહીમા, ઈન્ચાર્જ રીટાબેન ચૌધરી, સ્પોર્ટસ ડાયરેક્ટર સંજયભાઈ સોલંકી, કેમ્પસ ડાયરેક્ટર કુણાલભાઈ સોલંકી, વોલીબોલ કોચ ગીતાબેન વાળા અને હેતલબેન ઝાલાએ ખેલાડીઓને શુભેચ્છા-અભિનંદન પાઠવ્યા હતા.

# ઊનાથી કચ્છ સુધીની ૬૫૦ કિ.મી.ની મા શક્તિ પદયાત્રાનો પ્રારંભ

ઉના,તા.૦૯



તસવીર : કૈલાશ ભટ્ટ

ઊના શહેરના મા શક્તિ પદયાત્રા સંઘ દ્વારા છેલ્લા ૨૪ વર્ષથી ચાલી આવતી પરંપરા મુજબ, ઊનાથી કચ્છના આશાપુરા માતાના મઢ સુધીની પદયાત્રાનો આજે પ્રારંભ થયો છે. જયેશભાઈ મજીઠિયાના આયોજન હેઠળ ૪૦થી વધુ યુવાનો આ પગપાળા યાત્રામાં જોડાયા છે. આ પદયાત્રીઓ ૬૫૦ કિલોમીટરનું અંતર કાપીને આગામી ૧૩ દિવસમાં, એટલે કે ૨૨મી સપ્ટેમ્બરે, કચ્છ ખાતે પહોંચશે. દર વર્ષે આ યાત્રામાં માઈભક્તોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. આ યાત્રા દરમિયાન સેવાભાવી લોકો પણ પદયાત્રીઓની સેવા કરવા માટે તેમની સાથે જોડાશે.


## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-

નં.જન્મ-મરણ કેસ.નં.૪૯/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી હઠેસિંહ ધિરસિંહ પરમાર,
રહે.કાજ, ગામ-કાજ, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એસ.જે.મેર અને એમ.એમ.બોરીચા, કોડીનાર .......અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, કાજ, તાલુકો-કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કાજ ગામના રહીશ **શ્રી હઠેસિંહ ધિરસિંહ પરમારના પરદાદી** **ઈરૂબેન અરજનભાઈ પરમારનું** મરણ **તારીખ:૦૨/૦૭/૧૯૬૨** ના રોજ કોડીનાર તાલુકાના કાજ ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના કાજના સને.૧૯૬૨ મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૫/૦૯/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહિ**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-

નં.જન્મ-મરણ કેસ.નં.૪૬/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી હઠેસિંહ ધિરસિંહ પરમાર,
રહે.કાજ, ગામ-કાજ, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એસ.જે.મેર અને એમ.એમ.બોરીચા, કોડીનાર .......અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, કાજ, તાલુકો-કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કાજ ગામના રહીશ **શ્રી હઠેસિંહ ધિરસિંહ પરમારના દાદા** **દેદાભાઈ અરજનભાઈ પરમારનું** મરણ **તારીખ:૨૧/૦૩/૧૯૬૫** ના રોજ કોડીનાર તાલુકાના કાજ ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના કાજના સને.૧૯૬૫ મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૫/૦૯/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહિ**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-

નં.જન્મ-મરણ કેસ.નં.૪૭/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી હઠેસિંહ ધિરસિંહ પરમાર,
રહે.કાજ, ગામ-કાજ, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એસ.જે.મેર અને એમ.એમ.બોરીચા, કોડીનાર .......અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, કાજ, તાલુકો-કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કાજ ગામના રહીશ **શ્રી હઠેસિંહ ધિરસિંહ પરમારના માતા** **જેવાઈબેન ધિરસિંહ પરમારનું** મરણ **તારીખ:૦૫/૧૧/૧૯૭૫** ના રોજ કોડીનાર તાલુકાના કાજ ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના કાજના સને.૧૯૭૫ મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૫/૦૯/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહિ**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં//-

નં.જન્મ-મરણ કેસ.નં.૪૮/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી હઠેસિંહ ધિરસિંહ પરમાર,
રહે.કાજ, ગામ-કાજ, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એસ.જે.મેર અને એમ.એમ.બોરીચા, કોડીનાર .......અરજદાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ -મરણ ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, કાજ, તાલુકો-કોડીનાર, જિ.ગીરસોમનાથ ...સામાવાળા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કાજ ગામના રહીશ **શ્રી હઠેસિંહ ધિરસિંહ પરમારના પરદાદા** **અરજનભાઈ જેસાભાઈ પરમારનું** મરણ **તારીખ:૧૬/૦૯/૧૯૫૮** ના રોજ કોડીનાર તાલુકાના કાજ ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના કાજના સને.૧૯૫૮ મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૫/૦૯/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૯/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહિ**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# ૭૦ હજાર રત્નકલાકારના બાળકોને શાળા સહાય ન ચુકવાઈ હોવાનો રાજ્ય સરકારનો સ્વીકાર

ગાંધીનગર, તા.૦૯

ગુજરાતની પંદરમી વિધાનસભાનું સાતમું સત્ર ૮ સપ્ટેમ્બરથી શરૂ થયું હતું. ત્રણ દિવસના સત્રના બીજા દિવસની શરૂઆત પ્રશ્નોત્તરીકાળથી થઈ હતી. બપોર બાદ ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂતે જન વિશ્વાસ બિલ રજૂ કર્યું હતું. તેમજ પ્રશ્નોતરીકાળ દરમિયાન જીજ્ઞેશ મેવાણી અને અમિત ચાવડાએ રત્નકલાકારના બાળકોને ફી સહાય ચુકવણીની યોજના અંગે સવાલ કર્યો હતો. જેના જવાબમાં સરકારે જણાવ્યું હતું કે, રત્નકલાકારોના બાળકોને અમદાવાદ સિવાય શિક્ષણ ફીની સહાય આપવામાં આવી નથી. સુરતમાં ૭૦ હજાર અરજી મળી છે પણ હજુ સુધી એક રૂપિયાની સહાય ચૂકવાઈ નથી. આ ઉપરાંત અમરેલી-૬૨૦, બાબરા-૬૮૮, કુંકાવાવ-૨૬૩, બગસરા-૮૩, ધારી-૧૭૬ સાવરકુંડલા-૧૮૩, લાઠી-૧૪૩, લીલીયા-૩૦, ખાંભા-૭૧ અને રાજુલા તાલુકો-૪૯, અમરેલી જિલ્લો-૨૩૦૬ અરજી મળી હતી. જ્યારે બોટાદમાંથી ૮,૮૯૭, ગઢડામાંથી ૨,૬૪૨, રાણપુરમાંથી ૮૬૦ અને બરવાળામાંથી ૧૦૬૨ એમ કુલ ૧૩,૪૬૨ અરજી બોટાદ જિલ્લામાંથી પણ કરવામાં આવી હતી.



# અમરેલીના તત્કાલીન એસ.પી. મનોજ શશિધરને સીબીઆઈમાં મળી મોટી જવાબદારી

(એચ.એસ.એલ),ગાંધીનગર,તા.૯

ગુજરાત કેડરના આઈપીએસ અધિકારી મનોજ શશિધરને મહત્વની જવાબદારી મળી છે. આઈપીએસ મનોજ શશિધરને સીબીઆઈના સ્પેશિયલ ડાયરેક્ટર બનાવાયા છે. મનોજ શશિધર ૧૯૯૪ બેચના આઈપીએસ અધિકારી છે. સીબીઆઈના એડિશનલ ડાયરેટરમાંથી સ્પેશિયલ ડાયરેક્ટર તરીકે નિમણુંક કરાઈ છે. કેન્દ્ર સરકારે સીબીઆઈને વધુ મજબૂત અને કાર્યક્ષમ બનાવવા માટે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. મંત્રીમંડળની નિમણૂક સમિતિએ કર્મચારી અને તાલીમ વિભાગના એક મહત્વપૂર્ણ પ્રસ્તાવને મંજૂરી આપી છે અને સીબીઆઈમાં બે વરિષ્ઠ અધિકારીઓને સ્પેશિયલ ડિરેક્ટર તરીકે નિયુક્ત કર્યા છે. આ નિમણૂંકો સીબીઆઈના વહીવટી માળખાને મજબૂત બનાવશે, તેમજ પેન્ડિંગ અને જટિલ કેસોની તપાસ ઝડપી બનાવવામાં પણ મદદ કરશે. આ બે અધિકારીઓમાં પહેલું નામ મનોજ શશિધરનું છે, જે ૧૯૯૪ બેચના ગુજરાત કેડરના આઈપીએસ અધિકારી છે. તેઓ હાલમાં સીબીઆઈમાં એડિશનલ ડિરેક્ટર તરીકે કાર્યરત હતા. હવે તેમને એક ખાસ આદેશ હેઠળ સ્પેશિયલ ડિરેક્ટરના પદ પર બઢતી આપવામાં આવી છે. આ પદ પહેલા કામચલાઉ ધોરણે કાર્યરત હતું, જે હવે પુનર્જીવિત કરવામાં આવ્યું છે અને શશિધરને તેમની નિવૃત્તિ તારીખ ૩૦ નવેમ્બર ૨૦૩૦ સુધી આ પદ પર નિયુક્ત કરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે મનોજ શશિધરે અમરેલીમાં પણ એસપી તરીકે ફરજ બજાવી ચુક્યા છે.



# સુરતના ડિંડોલીમાં પુત્રીને મારી નાખવાની ધમકી આપી શિક્ષિકા પર બળાત્કાર


(એચ.એસ.એલ),સુરત,તા.૯

સુરત શહેરના ડિંડોલી વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં ૪૭ વર્ષીય શિક્ષિકા પર હોમગાર્ડ જવાન દ્વારા બળાત્કાર કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આરોપીએ શિક્ષિકાને લાકડીથી ધમકાવી અને તેની બે પુત્રીને મારી નાખવાની ધમકી આપી હતી. ઘટના બાદ પીડિતાએ ડિંડોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે પોલીસે આરોપી વિજય અગ્નેની ધરપકડ કરી છે.પીડિતા ૪૭ વર્ષીય શિક્ષિકા છે, જે ડિંડોલી વિસ્તારમાં રહે છે. તેના પતિનું એક વર્ષ પહેલા અવસાન થયું હતું, અને તે તેની બે પુત્રીઓ સાથે રહે છે. આરોપી વિજય અગ્ને ડિંડોલી પોલીસ સ્ટેશનમાં હોમગાર્ડ જવાન છે. તેની બે પુત્રીઓ પીડિતાની શાળામાં અભ્યાસ કરે છે, જેના કારણે તે શાળામાં વાલી-શિક્ષક મીટિંગ દરમિયાન પીડિતાના સંપર્કમાં આવ્યો હતો.

# અમદાવાદમાં તંત્રની બેદરકારી : રસ્તા પર પાણી ભરેલા ખાડામાં વીજ કરંટ લાગતા દંપતીનું મોત

અમદાવાદ,તા.૯

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ગંભીર બેદરકારીથી બે લોકોના જીવ ગયા. નારોલમાં ૩ ફૂટના ખાડામાં ભરાયેલા વરસાદી પાણીમાં વીજ કરંટ લાગવાથી એક્ટિવા પર જતા દંપતીનું મોત નિપજ્યું છે. વરસાદી પાણીમાંથી વાહન લઈને પસાર થવું દંપતી માટે જીવલેણ નિવડ્યું. મોપેડ સવાર દંપતીને અચાનક વીજ કરંટ લાગતા તે મોપેડ પરથી નીચે પટકાયું હતું. ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને વીજ પુરવઠો બંધ કરાવ્યો હતો. પરંતુ ત્યાં સુધીમાં સિંઘલ દંપતી જીવ ગુમાવી ચુક્યા હતા. મૃતક નારોલના રુદ્ર ગ્રીન ફ્લેટમાં રહેતા હરજીવનભાઈ સિંઘલ અને તેમની પત્ની અંકિતાબેન સિંઘલ છે. નારોલ પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે. અમદાવાદના નારોલ વિસ્તારમાં આવેલ મટન ગલીમાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી. પ્રાથમિક માહિતી અનુસાર, મટન ગલીમાં ભરાયેલા વરસાદી પાણીમાં વીજ કરંટ લાગતા દંપતીનું કમકમાટીભર્યું મોત નિપજ્યું છે.



# રાજકોટ ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં ફાયર ઓફિસર અને એટીપીની ડિસ્ચાર્જ અરજી હાઈકોર્ટે ફગાવી

અમદાવાદ,તા.૯

ગુજરાત હાઈકોર્ટે રાજકોટ ટીઆરપી ગેમઝોન આગ ઘટના કેસમાં મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે ફાયર ઓફિસર રોહિત વિગોરા અને આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર જયદીપ ચૌધરીની ડિસ્ચાર્જ અરજી ફગાવી દીધી છે. આ બંને અધિકારીઓએ દલીલ કરી હતી કે તેમની સામે કોઈ ગુનો થયો નથી, પરંતુ હાઈકોર્ટે આ દલીલો સ્વીકારી ન હતી અને તેમની અરજીઓ ફગાવી દીધી હતી. આ કેસમાં ૨૫ મે, ૨૦૨૪ ના રોજ બનેલી આ દુઃખદ ઘટનામાં નાના બાળકો અને મહિલાઓ સહિત ૨૭ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ ઘટનામાં ૧૫ આરોપીઓને જેલમાં મોકલી દેવામાં આવ્યા છે.





# પાટણના સાંતલપુરમાં નદીમાં ન્હાવા ગયેલા ૧૨ યુવકો ડૂબ્યા, બેના મોત : ત્રણ યુવકો લાપતા

પાટણ, તા.૦૯

પાટણના સાંતલપુર તાલુકામાં બે અલગ અલગ ગામમાં નદીમાં ન્હાવા ગયેલા કુલ ૧૨ યુવકો ડૂબ્યા હોવાની ઘટના સામે આવી છે. જેમાં નળિયા ગામ નજીક પસાર થતી ખારી નદીમાં ૯ યુવકો ડૂબ્યા હતા. જેમાંથી ૪નો આબાદ બચાવ થયો છે. જ્યારે બે યુવકોના મોત થયા છે. તેમજ ૩ યુવકો લાપતા છે. આ ઉપરાંત રણમલપુરા ગામ પાસેની નદીમાં ત્રણ યુવાનો ડૂબ્યા હતા. જેમાંથી બેનો બચાવ થયો છે. જ્યારે એક લાપતા છે. અંધારૂ થતાં હાલ **SDRF**એ શોધખોળ કામગીરી બંધ કરી છે. હવે કાલે ફરી રેસક્યૂ કરશે. આ અંગે મળતી માહિતી મુજબ ગઈકાલે બપોરે યુવકો ખારી નદીમાં ન્હાવા માટે ગયા હતા. તે દરમિયાન નદીમાં અચાનક પાણીનો પ્રવાહ વધતા નવ યુવકો તણાઈ ગયા હતા. જે બાદ ડૂબવા લાગ્યા હતા. સ્થાનિકોની મદદથી પાંચ યુવકોને સમયસર બહાર કાઢી લેવામાં આવ્યા હતા. જોકે, તેમાંથી એક યુવકનું સારવાર દરમિયાન મોત થયું છે. જેથી તેનો મૃતદેહ વારાહી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યો છે.



# ઓપરેશન સિંદૂરની સફળતા માટે વડાપ્રધાન અને ભારતીય સેનાને અભિનંદન પાઠવતો પ્રસ્તાવ વિધાનગૃહમાં સર્વાનુમતે પસાર

ગાંધીનગર,તા.૯

ગુજરાત વિધાનસભાએ ઓપરેશન સિંદૂરની સફળતા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતીય સેનાને અભિનંદન પાઠવતો પ્રસ્તાવ વિધાનગૃહ માં સર્વાનુમતે પસાર કરાયો હતો. વિધાનસભા ગૃહના નેતા તરીકે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રસ્તાવ રજુ કર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતુ કે, પોલિટિકલ વિલ અને નેશનલ સિક્યુરિટીની પ્રાયોરીટી હોય તો દેશ વિરુદ્ધની નાપાક હરકતોનો સજ્જડ જવાબ આપી શકાય તે ઓપરેશન સિંદૂરથી પુરવાર થયું. આ પ્રસ્તાવ રજૂ કરતા સ્પષ્ટપણે જણાવ્યું કે, ઓપરેશન સિંદૂરની સફળતાને પગલે ૧૪૦ કરોડ દેશવાસીઓ અને વિશ્વના અનેક દેશોએ પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સક્ષમ નેતૃત્વની જે પ્રશંસા કરી છે તેમાં ગુજરાત વિધાનસભા પણ પોતાનો સૂર પુરાવે છે.



# રાજદીપસિંહ જાડેજાને મોટો ઝટકો, ગુજરાત હાઈકોર્ટે જામીન અરજી ફગાવી

અમદાવાદ,તા.૯

અમિત ખૂંટ આત્મહત્યા કેસ અંગે એક મોટી ખબર સામે આવી છે. આ કેસના આરોપી રાજદીપસિંહ જાડેજાને મોટો ઝટકો લાગ્યો છે. ગુજરાત હાઈકોર્ટે રાજદીપસિંહ જાડેજાની આગોતરા જામીન અરજી ફગાવી દીધી છે. આરોપી રાજદીપસિંહ જાડેજા હાલમાં ફરાર છે. અનિરુદ્ધસિંહ બાદ રાજદીપસિંહ જાડેજાની મુશ્કેલી વધી છે. રાજદીપસિંહ જાડેજાની મુશ્કેલી વધી : અમિત ખૂંટ આત્મહત્યા કેસમાં આરોપી બનેલા રાજદીપસિંહ જાડેજાએ ગુજરાત હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. અગાઉ ગોંડલ સ્ટેશન કોર્ટે રાજદીપસિંહની આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી.



# પોરબંદરમાં ૬ વર્ષની બાળકીનું અપહરણ કરી બળાત્કાર, આરોપીની ધરપકડ

પોરબંદર,તા.૯

પોરબંદરમાં ૬ વર્ષની બાળકીનું અપહરણ કરીને બળાત્કાર કરવામાં આવ્યો હતો.આ ઘટનાને કારણે સ્થાનિક સમુદાયમાં ભારે રોષ અને આઘાતનું વાતાવરણ છે.પોલીસે આ કેસમાં તાત્કાલિક કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરી છે અને સમગ્ર ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે. માહિતી અનુસાર આ ઘટના પોરબંદરના નવી ખડપીઠ વિસ્તારના દેવીપૂજક વાસમાં બની હતી. તે જ વિસ્તારમાં રહેતા આરોપી બાદલ ઉમેશ સોલંકીએ ૬ વર્ષની બાળકીનું અપહરણ કરીને તેને પોતાના ઘરે લઈ જઈને તેના પર બળાત્કાર કર્યો હતો. ફરિયાદમાં અપહરણ અને બળાત્કારના ગંભીર આરોપો નોંધાયા છે. ફરિયાદ નોંધાયાના થોડા કલાકોમાં જ કમલબાગ પોલીસે આરોપી બાદલ ઉમેશ સોલંકીની ધરપકડ કરી હતી. પોલીસે પોક્સો એક્ટ હેઠળ કેસ નોંધ્યો છે અને આરોપીની પૂછપરછ શરૂ કરી છે.

HONDA સ્ટાફ જોઈએ છે
The Power of Dreams સપનાઓ થશે સાકાર............
(૧) હેલ્પર......................................03
(૨) મિકેનિક....................................03
રસ ધરાવતા વ્યક્તિઓએ રૂબરૂ સંપર્ક કરવો
સંપર્ક સમય : સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦,
સાંજે ૫:૦૦ થી ૭:૦૦
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી,
Mo. 82005 00295







